## ગુજરાતની ભૌગોલિક બાબતો તથા કુદરતી સંપત્તિ :

**સ્થાન :** ભારતની પશ્ચિમમાં અરબસાગરના કિનારે

**અક્ષાંશ :** $20^{0}1$ થી $24^{0}7$ ઉત્તર અક્ષાંશ

**રેખાંશ :** $68^{0}4$ થી $74^{0}4$ પૂર્વ રેખાંશ

**કર્કવૃત્ત :** ગુજરાતના ઉત્તરના પાંચ જિલ્લામાંથી પસાર થાય છે. અનુક્રમે પશ્ચિમથી પૂર્વ તરફના કચ્છ, પાટણ, મહેસાણા, ગાંધીનગર, સાબરકાંઠા

**કટિબંધ :** ગુજરાતનો મોટોભાગ ઉષ્ણ કટિબંધમાં આવેલ છે.

**લંબાઈ :** ઉત્તર-દક્ષિણ લંબાઈ ૫૯૦ કિ.મી.

**પહોળાઈ :** પૂર્વ-પશ્ચિમ પહોળાઈ ૫૦૦ કિ.મી.

**વિસ્તાર ક્ષેત્રફળ :** ૧,૯૬,૦૨૪ ચો.કિ.મી.

વિસ્તારની દ્રષ્ટિએ ભારતમાં ગુજરાત ૭ (સાત)મું સ્થાન ધરાવે છે. વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત ભારતની જમીનનો ૬ ટકા ભાગ રોકે છે.

**જમીન સીમા :** ઉત્તર સરહદે કચ્છનું મોટું રણ અને પાકિસ્તાન સાથેની આંતરરાષ્ટ્રીય સરહદ, ઈશાન સરહદે રાજસ્થાન, પૂર્વ સરહદે મધ્યપ્રદેશ, અગ્નિ અને દક્ષિણ સરહદે મહારાષ્ટ્ર તેમજ દીવ, દમણ અને દાદરાનગર હવેલી જેવા કેન્દ્રશાસિત પ્રદેશો આવેલા છે. ગુજરાતની વાયવ્ય સરહદે પાકિસ્તાન અને પશ્ચિમ સરહદે અરબસાગર આવેલ છે.

**દરિયાઈ સીમા :** ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે. જે લગભગ ૧૬૦૦ કિ.મી. લંબાઈ ધરાવે છે. ગુજરાતમાં સૌથી લાંબો દરિયા કિનારો જામનગર ૩૫૪ કિ.મી. ગુજરાતના કુલ ૧૩ જિલ્લાઓ દરિયાઈ સીમાથી જોડાયેલા છે. જેમાં અરબસાગરમાં ખંભાતનો અખાત અને કચ્છનો અખાત આવેલા છે. દરિયાઈ વ્યાપાર ક્ષેત્રે ગુજરાત દેશમાં આગળપડતું રાજ્ય છે. ગુજરાતનું સૌથી મોટું બંદર કંડલા છે. જેને ભરતી બંદર પણ કહે છે.

**બંદરો :** ગુજરાતમાં કુલ ૪૩ બંદરો આવેલા છે. જેમાં કંડલા આંતરરાષ્ટ્રીય મહાબંદર અને ફ્રી ટ્રેડ ઝૉન જેનો વહીવટ કેન્દ્ર સરકાર કરે છે. આ ઉપરાંત દિવ અને દમણનો વહીવટ પણ કેન્દ્ર સરકાર કરે છે. બાકીના ૪૦ બંદરોનો વહીવટ ગુજરાત સરકાર 'ગુજરાત મેરીટાઈમ બોર્ડ' દ્વારા કરે છે. જેની સ્થાપના ૧૯૮૨માં કરવામાં આવી હતી.

**હવાઈ મથકો :** સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય હવાઈમથક અમદાવાદ. આ ઉપરાંત ભૂજ, કંડલા, જામનગર, પોરબંદર, રાજકોટ, કેશોદ, ભાવનગર, વડોદરા અને સુરતમાં પણ હવાઈ મથકો આવેલા છે.

### ગુજરાતના ભૌગૌલિક પ્રદેશો :

**કંઠીનું મેદાન :** કચ્છ જિલ્લાના દરિયા કિનારાના મેદાની પ્રદેશને કંઠીનું મેદાન કહે છે.

**વાગડ :** કચ્છ જિલ્લાના મોટા રણ અને નાના રણ વચ્ચેનો ભાગ અથવા બન્ની અને ખાવડા વચ્ચેનો ભાગ અથવા કચ્છની મુખ્ય ભૂમિનો પૂર્વ ભાગ વાગડનું મેદાન કહેવાયછે.

**વઢિયાર :** પાટણ જિલ્લામાં બનાસ અને સરસ્વતી નદી વચ્ચે આવેલા પ્રદેશ વઢિયાર તરીકે ઓળખાય છે.

**ગોઢ અને ગોઢાનું મેદાન :** બનાસકાંઠા જિલ્લાના અર્ધરણ વિસ્તારમાં (પશ્ચિમ બાજુ) આવેલા ઉપસેલા ટેકરા જેવા ભાગનો ગોઢ/ગોઢા કહેવાય છે.

**ચરોતર :** મહી અને શેઢી નદી વચ્ચેના ખેડા અને આણંદ જિલ્લાનો પ્રદેશ ચરોતર કહેવાય છે. જે તમાકુના ઉત્પાદન માટે જાણીતો છે.

**કાનમ :** નર્મદા અને ઢાઢર નદી વચ્ચેનો પ્રદેશ જે કપાસના ઉત્પાદન માટે જાણીતો છે.

**સુવાલીની ટેકરીઓ :** સુરત જિલ્લામાં તાપી નદીનો ઉત્તર કિનારો સુવાલીની ટેકરીઓના નામે ઓળખાય છે.

**પુરના મેદાનો :** દક્ષિણ ગુજરાતમાં નદીઓના કાંપથી રચાયેલા મેદાની પ્રદેશને પુરના મેદાન કહેવાય છે.

**ભાલ :** અમદાવાદ જિલ્લાનો દક્ષિણ પશ્ચિમ ભાગ ભાલ પ્રદેશ કહેવાય છે. ભાલ પ્રદેશના ઘઉં વખણાય છે.

**નળકાંઠો :** નળસરોવર અને સાબરમતી નદી વચ્ચેનો અમદાવાદ જિલ્લાનોભાગ નળકાંઠો કહેવાય છે.

**ઝાલાવાડ :** નળસરોવર અને કચ્છના નાના રણ વચ્ચેનો સુરેન્દ્રનગર જિલ્લાનો ભાગ ઝાલાવાડ કહેવાય છે.

**ગોહિલવાડ :** ભાવનગર જિલ્લામાં ઘેલો અને શેત્રુંજી નદી વચ્ચેનો પ્રદેશ ગોહિલવાડ કહેવાય છે.

**લીલી નાઘેર :** જૂનાગઢ જિલ્લાનો ચોરવાડથી ઉના સુધીનો ભાગ અથવા ગિરની ટેકરીઓના દક્ષિણ કિનારા સુધીનો ભાગ લીલીનાઘેર કહેવાય છે. જે ફળફળાદીની વાડીઓ માટે જાણીતો છે.

**સોરઠ :** જૂનાગઢ જિલ્લાનો પશ્ચિમ ભાગ અથવા ગીરનારનો દક્ષિણ કિનારા સુધીનો ભાગ સોરઠ તરીકે ઓળખાય છે.

**ઘેડ :** પોરબંદરના નવીબંદરથી જૂનાગઢના માણાવદર સુધીનો પ્રદેશ ઘેડ પ્રદેશ કહેવાય છે. આ પ્રદેશ નીચી ભૂમિનો હોવાથી અહીં ચોમાસામાં પાણી ભરાઈ રહે છે. પછી ફળદ્રુપ ખેતીમાં મગફળી થાય છે.

**હાલાર :** બરડાડુંગરનો જામનગર જિલ્લાનો દક્ષિણ પશ્ચિમ કિનારા સુધીનો ભાગ હાલાર તરીકે ઓળખાય છે.

**દંડકારણ્ય :** રામાયણમાં વર્ણવેલો દંડકારણ્ય પ્રદેશ એટલે હાલનો ડાંગ જિલ્લો.

**દારૂકાવન :** જામનગર જિલ્લામાં દ્વારકા પાસે આવેલો પ્રદેશ જ્યાં બાર જ્યોતિર્લિંગોનું એક નાગેશ્વર જ્યોતિર્લિંગ આવેલું છે.

### ગુજરાતનું ભૂપૃષ્ઠ :

ભૂપૃષ્ઠની દ્રષ્ટિએ ગુજરાતને પાંચ ભાગમાં વહેંચવામાં આવે છે.

(૧) દરિયાકિનારાનો મેદાની પ્રદેશ (૨) રણપ્રદેશ

(૩) કચ્છ અને સૌરાષ્ટ્રનો ઉચ્ચપ્રદેશ (૪) તળગુજરાતનો મેદાની પ્રદેશ

(૫) ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ

**(૧) દરિયાકિનારાનું મેદાની પ્રદેશ :**

સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. દરિયાકિનારો ધરાવતું ભારતનું રાજ્ય છે. જેમાં જામનગર ૩૫૪ કિમી. દરિયો છે. ગુજરાતના દરિયાકિનારાને મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય.

**કચ્છનો દરિયા કિનારો :** કાદવ કિચડવાળો સપાટી મેદાની પ્રદેશ, કંડલા પાસે મેન્ગ્રુવના (ચેરવૃક્ષ)ના જંગલો આવેલા છે.

**સૌરાષ્ટ્રનો દરિયાકિનારો :** કંડલાથી દ્વારકા સુધીનો જામનગરનો દરિયા કિનારો. અનેક નદીઓના મુખ ખુલતા હોવાથી ખાંચા-ખુંચીવાળો દરિયા કિનારો. બંદરોના વિકાસ માટે અનુકૂળ દરિયાકિનારો. પીરોટન ટાપુઓ જ્યાં મરીન નેશનલ પાર્ક આવેલ છે.

**દ્વારકાથી વેરાવળ સુધીનો દરિયાકિનારો :** ચુનાયુક્ત રેતીનો બનેલો છે આથી સિમેન્ટ ઉદ્યોગોનો સારા પ્રમાણમાં વિકાસ થયેલ છે. ચોરવાડ બીચ આવેલ છે.

**વેરાવળથી ગોપનાથ સુધીનો દરિયા કિનારો :** મિલિયોનાઈટ લાઈમસ્ટોન (ચૂનાના પથ્થરનો પ્રકાર)ની ટેકરીઓ. સિયાલ, સવાઈ, ચાંચ વગેરે ટાપુઓ તેમજ નાગવા બીચ આવેલ છે.

**ગોપનાથથી સાબરમતીના મુખ સુધીનો દરિયા કિનારો :** માલબેંક, જેગરી, પિરમ વગેરે ટાપુઓ આવેલા છે. તેમજ ભાવનગરની ખાડી અને કોપાલીની ખાડી આવેલી છે.

**તળ ગુજરાતનો દરિયા કિનારો :** દહેજ અને હજીરા વચ્ચેનો દરિયાકિનારો. તેલક્ષેત્ર હોવાના કારણે વિકાસ પામેલો જોવા મળે છે.

**બંદરો :** કંડલા-ભરતી બંદર જે ફ્રિટ્રેડ ઝૉન આંતરરાષ્ટ્રીય મહાબંદર જાહેર થયું.

**મધ્યમકક્ષાના ૧૧ બંદરો :** માંડવી, નવલખી, બેડી, સલાય, સિક્કા, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર, ભરૂચ, મગદલ્લા

**માંડવી :** વિજયવિલાસ પેલેસ, ભારતનો એકમાત્ર પ્રાઈવેટ બીચ. મુન્દ્રા અદાણી પોર્ટ વિકસાવવામાં આવ્યું છે.

**બેડી :** ગુજરાતના કુલ બંદરોની ૭૦ ટકા માલ સામાનની નિકાસ થાય છે.

**સિક્કા :** રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની બે જેટી આવેલી છે. રો-રો અને લો-લો

**વેરાવળ :** મત્સ ઉદ્યોગ માટેનું કેન્દ્ર

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

**પીપાવાવ :** અમરેલી જિલ્લામાં આવેલ પીપાવાવ ૧૯૯૮માં જાહેર થયેલું સમગ્ર ભારતનું પ્રથમ ખાનગી બંદર

**અલંગ :** ભાવનગર જિલ્લામાં જહાજ ભાગવાનો ઉદ્યોગ વિકસ્યો છે.

**દહેજ :** એશિયાનું સૌપ્રથમ કેમિકલ પોર્ટ ભરૂચ જિલ્લામાં છે.

**મગદલ્લા :** તાપી નદીના મુખ પાસે આવેલ છે.

**હજીરા :** ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ ગેસ ગ્રીનના પ્રવેશ બિંદુ તરીકે કામ કરે છે. જે સુરત જિલ્લામાં આવેલ છે.

**(૨) કચ્છનો રણપ્રદેશ :**

કચ્છમાં ૨૭,૨૦૦ ચો.કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતા બે રણપ્રદેશ નાનું રણ અને મોટું રણ છે.

**મુખ્ય વિશેષતા :** ખંડીય છાજલીનો ઉપસેલો ભાગ અને ખારા પાટનો વિશાળ મેદાની પ્રદેશ. ચોમાસામાં બંને રણ જળ બંબાકાર થતા તેમાં વચ્ચે ઉપસેલા ભાગો ટાપુ પ્રદેશ જેવા દેખાય છે. જે મોટા રણમાં ટાપુ/બેટ કહેવાય છે. જેમ કે, પરછમ, ખદીર, બેલા અને ખાવડા અને નાના રણમાં તે ટીંબા તરીકે ઓળખાય છે. ફેબ્રુઆરી મહિના પછી કચ્છના કાદવ કિચડવાળા વિસ્તારો સુકાતા જમીન સપાટીના સ્તરમાં જે ખારનો પોપડો જામે છે. તેને કાળો-ખારો કહેવાય. આ ઘણાખરો કાળો અને કડવું બારીક રજથી મિશ્ર થયેલો ક્ષારવાળો ભાગ 'ખારાસરી' કહેવાય છે. અને આવી ઊંચાઈ ધરાવતી જમીન લાણાસરી કહેવાય છે.

**(૩) સૌરાષ્ટ્ર અને કચ્છનો ઉચ્ચપ્રદેશ :**

ક્રિટેસીયસકાળ (સાત કરોડ વર્ષ પૂર્વે)માં સમગ્ર દક્ષિણ-પશ્ચિમ ભારતમાં ફાટ-પ્રસ્પોટન પ્રક્રિયા અનુભવાઈ જેના ભાગરૂપે કચ્છ અને સૌરાષ્ટ્રમાં પણ આ પ્રક્રિયા અનભવાઈ જેથી ત્યાં ઉચ્ચપ્રદેશનું નિર્માણ થયું. આ પ્રક્રિયાની સાબિતી રૂપે સૌરાષ્ટ્રમાં આજે પણ ૬૦ મીટરથી ૬૦ કિ.મી. લાંબી ડાઈક જોવા મળે છે. જેમાં રાજકોટના સરધાર પાસે સૌથી લાંબી ૬૦ કિ.મી.ની ડાઈક જોવા મળે છે.

**(૪) તળ ગુજરાતનો મેદાની પ્રદેશ :**

ત્રણ ભાગમાં વહેંચવામાં આવે છે.

**ઉત્તર ગુજરાતનું મેદાન :** મોટો ભાગ અર્ધરણ જેવો સુકો છે.

**મધ્ય ગુજરાતનું મેદાન :** ખેતીની દ્રષ્ટિએ ગુજરાતનો બગીચો છે. તેના ચાર પેટા વિભાગ પડે છે.

**વિરમગામનું મેદાન :** મધ્યકાળી જમીન ધરાવતું હોવાથી કપાસનું ઉત્પાદન વધારે આથી વિરમગામ કોટન ઝોન કહેવાય છે.

**અમદાવાદનું મેદાન :** ભાલપ્રદેશનો સમાવેશ થાય છે. ઘઉં માટે જાણીતું છે.

**ચરોતર :** તમાકુના ઉત્પાદન માટે જાણીતો છે.

**વડોદરાનું મેદાન :** કાનમ પ્રદેશનો થતો હોવાથી કપાસના ઉત્પાદન માટે જાણીતું છે.

**(૫) ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ :**

તળ ગુજરાતનો, સૌરાષ્ટ્રનો અને કચ્છનો એમ ડુંગરાળ પ્રદેશના ત્રણ ભાગ છે.

**તળ ગુજરાતનો ડુંગરાળ પ્રદેશ :** બનાસકાંઠાથી વલસાડ સુધી ગુજરાતના પૂર્વ ભાગમાં ડુંગરાળ પ્રદેશો આવેલા છે. દાંતા અને પાલનપુર નજીકની ટેકરીઓને 'જેસોર' તરીકે તેમજ ખેડબ્રહ્મા, ઈડર અને શામળાજીની ટેકરીઓને આરાસુરની ટેકરીઓ તરીકે ઓળખાય છે. આ પ્રદેશમાં ગબ્બરનો ડુંગર, તારંગાનો ડુંગર અને ઈડરનો ડુંગર આવેલ છે. મધ્ય ગુજરાતમાં પાવાગઢ અને રતનમાલની ટેકરીઓ આવેલી છે. જેમાં રાજપીપળાની ટેકરીઓને વલસાડ નજીક પારનેરાનો ડુંગર આવેલ છે. નર્મદાની પશ્ચિમે રાજપીપળાની ટેકરીઓ છે. ડાંગ જિલ્લાનું સાપુતારા ગુજરાતનું એકમાત્ર ગિરિમથક છે.

**સૌરાષ્ટ્રનો ડુંગરાળ પ્રદેશ :** સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશમાં ચોટીલાનો ડુંગર, પોરબંદર નજીક બરડાનો ડુંગર, પાલીતાણા નજીક શેત્રુંજય પર્વત, ભાવનગરની ઉત્તરે ખોખરા અને તળાજાનો ડુંગર અને દક્ષિણની ગીરની ટેકરીઓમાં સરકલા સૌથી ઊંચી ટેકરી છે. જુનાગઢ પાસે ગિરનાર ગુજરાતનો સૌથી ઊંચો પર્વત છે.

**કચ્છનો ડુંગરાળ પ્રદેશ :** કચ્છના ડુંગરાળ પ્રદેશમાં ત્રણ ધાર જોવા મળે છે. ઉત્તરધાર, મધ્યધાર અને દક્ષિણ ધાર.

**ઉત્તર ધાર :** પચ્છમ, ખદીર, બેલા, ખાવડા જેવા ટાપુ ઉપરાંત કાળો, ગારો, ખાડીઓ વગેરે ડુંગરો આવેલા છે. કાળો ડુંગર કચ્છની ઉત્તરધારનો તેમજ સમગ્ર કચ્છ જિલ્લાનો સૌથી ઊંચો ડુંગર છે.

**મધ્યધાર :** અંજારથી લખપત સુધી સૌથી ઊંચો ડુંગર ધીણોધરઉપરાંત ઉમિયા, ઝુરા, વરાદ, રતનાલ, લિલિયો, ભૂજિયો અને કંથકોટના ડુંગરો.

**દક્ષિણ ધાર :** સૌથી ઊંચા ડુંગરનું કોઈ નામ આપેલ નથી. માતાના મઢથી અંજાર સુધી ફેલાયેલી છે. અધોઈ અને ગેડીપાદરની ટેકરીઓ આવેલી છે.

## ગુજરાતનું નદી તંત્ર :

ગુજરાતમાં નાની મોટી ૧૮૫ જેટલી નદીઓ આવેલી છે.

**(૧) કચ્છની નદીઓ :**

કચ્છમાં સૌથી વધુ ૯૭ જેટલી નદીઓ આવેલી છે. કચ્છની નદીઓ બે પ્રકારની ઉત્તરવાહિની જે મોટા રણમાં સમાયછે. દક્ષિણ વાહિની જેનાના રણ અને કચ્છના અખાતને મળે છે. કચ્છમાં ખારી નદી ઉપર રૂદ્રમાતા બંધ બાંધવામાં આવ્યો છે. કચ્છની નદીઓમાં ખારી, કંકાવતી અને રૂકમાવતી મુખ્ય નદીઓ છે. ચોમાસા સિવાય આ નદીઓ સૂકી રહે છે.

**(૨) સૌરાષ્ટ્રની નદીઓ :**

સૌરાષ્ટ્રમાં ૭૧ જેટલી નદીઓ આવેલી છે. સૌરાષ્ટ્રની નદીઓ મધ્યના ડુંગરાળ પ્રદેશમાંથી નીકળી ચારેબાજુ ત્રિજ્યાકારે વહે છે.

**ભાદર :** સૌરાષ્ટ્રની સૌથી મોટી નદી ભાદર તેનું ઉદ્ગમસ્થાન માંડવની ટેકરીઓમાંથી નીકળે છે અને નવીબંદર પાસે અરબસાગરને મળે છે. તેને કરનવ, વાંસાવડી, ઉતાવળી, ફોફળ, મોજવેણું અને ઓજત નદીઓ મળે છે. આ નદી ઉપર જસદણ, આટકોટ, નવાગઢ, ધોરાજી, ઉપલેટા, ગણોદ અને નવીબંદર શહેરો આવેલા છે. જેતપુર નજીક લીલાખા અને નવા ગામ પાસે ભાદર બંધ બંધાયો છે.

**ક્ષેત્રુંજી :** સૌરાષ્ટ્રની બીજા નંબરની નદી ક્ષેત્રુંજી ગીરની ટેકરીઓમાંથી નીકળી સુલતાનપુર પાસે ખંભાતના અખાતને મળે છે. તેની પરની સિંચાઈ યોજના ખોડીયાર બંધ, અમરેલી જિલ્લામાં ધારી, ભાવનગર જિલ્લામાં પાલિતાણા પાસે રાજસ્થળી બંધ આવેલો છે.

**વઢવાણ ભોગાવો :** ચોટીલા તાલુકાના નવાગામ પાસેના ડુંગરમાંથી નીકળી ચોટીલા, સાયલા, મૂળી અને વઢવાણ પાસેથી પસાર થઈ નળસરોવરને મળે છે. આ નદી પર ગૌતમ ગઢ પાસે નાયકા અને સુરેન્દ્રનગર પાસે ધોળીધજા નામના બંધ આવેલા છે.

**લીમડી ભોગાવો :** ચોટીલા તાલુકાના ભીમોરાના ડુંગરમાંથી નીકળે છે. તેની પર સાયલા તાલુકાના થોરીયાળી ગામ પાસે બંધ આવેલ છે.

**મચ્છુ :** ચોટીલા તાલુકાના આણંદપુર-ભાડલા ગામ પાસેથી નીકળી વાંકાનેર અને મોરબી શહેર પાસે થઈ માળિયા મિયાણાં પાસે કચ્છના નાના રણમાં સમાય છે.

**સૂકભાદર :** ચોટીલા પાસેના ડુંગરમાંથી નીકળી ધંધુકા પાસે થઈ ધોલેરા નજીકના ખંભાતના અખાતને મળે છે.

**ઘેલો :** ફુલઝર નજીકના ઉચ્ચપ્રદેશમાંથી નીકળી ઘેલા સોમનાથ, ગઢડા અને વલભીપુર થઈ ખંભાતના અખાતને મળે છે.

**કાળુભાર :** સમઢીયાળા નજીક રાયપુરના ડુંગરમાંથી નીકળી ખંભાતમાં ભાવનગરની ખાડીને મળે છે. આ ઉપરાંત રંઘોળી, માલણ, ધાતરવડી, રાવળ, મસુન્દ્રી, શિંગવડો, હિરણ, શનિ, સોસાયી, નાગમતી, ઊંડ, બ્રાહ્મણી અને ફાલ્ગુ જેવી નદીઓ આવેલી છે.

સૌરાષ્ટ્રની મચ્છુ, ફાલ્ગુ અને બ્રાહ્મણી એ ત્રણ કુંવારીકા નદીઓ છે.

સોમનાથ પાસે ત્રિવેણી સંગમ પામતી નદીઓ : હિરણ, સરસ્વતી અને કપિલા

**(૩) ઉત્તર ગુજરાતની નદીઓ :**

**બનાસ :** રાજસ્થાનના શિરોહી પાસેના શિરવણવાના ડુંગરમાંથી નીકળી ગુજરાતમાં બનાસકાંઠા, પાટણ જિલ્લામાંથી વહીને કચ્છના નાના રણમાં સમાઈ જાય છે.

**સરસ્વતી :** બનાસકાંઠાના દાંતા તાલુકાના કુંભારીયા પાસે આવેલા ચોરીના ડુંગરોમાંથી નીકળી કચ્છના રણમાં સમાઈ જાય છે. સરસ્વતી નદી પર મુક્તેશ્વર બંધ બાંધવામાં આવ્યો છે.

**રૂપેણ :** મહેસાણા જિલ્લાના ટુંગા (તારંગા) પર્વતમાંથી નીકળી કચ્છના નાના રણમાં સમાઈ જાય છે.

બનાસ, સરસ્વતી અને રૂપેણ કુંવારીકા (અંતસ્થ) નદીઓ છે.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨

OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

**(૪) મધ્ય ગુજરાતની નદીઓ :**

**સાબરમતી :** રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ઢેબર સરોવરમાંથી વેકરીયા પાસેથી નીકળી ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રવેશી મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, ખેડા, આણંદમાંથી પસાર થઈ કોપાલીની ખાડીમાં મુખ ખોલી ખંભાતના અખાતને મળે છે. ગુજરાતની સૌથી લાંબામાં લાંબી નદી કુલ લંબાઈ ૪૧૮ કિ.મી. ગુજરાતમાં લંબાઈ ૩૨૧ કિ.મી છે. વૌઠા આગળ મળતી મુખ્ય સહાયક નદીઓ સાબરમતી, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ, વાત્રક, શેઢી

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ધરોઈ ગામ પાસે 'ધરોઈ બંધ' બાંધવામાં આવ્યો છે. મેશ્વો નદી પર 'શ્યામ સરોવર' બંધ આવેલો છે.

**મહી :** મધ્યપ્રદેશમાં માળવાના ઉચ્ચપ્રદેશમાં મેહદ સરોવરમાંથી અંજેરા પાસેથી નીકળે છે. ગુજરાતમાં ગલતેશ્વર પાસેથી પ્રવેશી ખંભાતના અખાતને મળે છે. મુખ્ય સહાયક નદીઓ-પાનમ, અનાસ, મેસરી, ગળતી (ગલતેશ્વર). વહેરાની ખાડીમાં પોતાનું મુખ ખોલે છે. ત્યારે તેના પટ એક કિમી જેટલો પહોળો થાય છે. તેથી મહીસાગર કહે છે. સિંચાઈ યોજના : કડાણા (પંચમહાલ), જળવિદ્યુત મથક, વણાકબોરી તા.બાલાસિનોર, જિ.ખેડા.

**(૫) દક્ષિણ ગુજરાતની નદીઓ :**

**નર્મદા :** વિધ્યાંચળના અમરકંટકના ડુંગરમાંથી નીકળે છે. છત્તીસગઢના વિલાસપુર જિલ્લાના વિંધ્યાચળ પર્વતમાળાના અમરકંટકના ડુંગરમાંથી નીકળીને રેવા અને મધ્યપ્રદેશના સાતપુડા પર્વતમાળા અને મૈકલ પર્વતમાંથી નીકળતી નર્મદા મધ્યપ્રદેશમાં માંડવ પાસે મળીને નર્મદા નામે ઓળખાય છે. ગુજરાતમાં વડોદરા જિલ્લામાં 'હાંફેશ્વર' પાસેથી પ્રવેશી ખંભાતના અખાતને મળે છે. તેના સર્પાકાર વહનના કારણે શુક્લતીર્થ, કબીરવડ અને અલિયાબેટ જેવા ટાપુઓનું નિર્માણ કરે છે. ચાંદોદ કરનાળી પાસે ત્રિવેણી સંગમ થાય છે. જેમાં નર્મદા, ઓરસંગ અને કરઝણ. સિંચાઈ યોજના-નવાગામ (કેવડીયા કોલોની) જિલ્લો નર્મદા પાસે સરદાર સરોવર યોજના આકાર લઈ રહી છે. જેમાંથી ૧૪૫૦ મેઘાવૉટ વિજળી ઉત્પન્ન કરવામાં આવશે.

**તાપી :** મધ્યપ્રદેશમાં બૈતુલ જિલ્લાના બૈતુલ સરોવરમાંથી મહાદેવની ટેકરીઓ પાસેથી નીકળી સુરત પાસે અરબસાગરને મળે છે. તે ગુજરાતમાં તાપી જિલ્લાના હરણફાળ પાસેથી પ્રવેશે છે. તેની પર ઉકાઈ અને કાકરાપાર યોજના આવેલી છે.

આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં કીમ, પૂર્ણા, અંબિકા, ઔરંગા, પાર, કોલક, દમણગંગા વગેરે નદીઓ આવેલી છે. કોલક નદીમાંથી મોતી આપતી કાલુ નામની માછલી જોવા મળે છે.

**ગુજરાતની ભૌગોલિક બાબતો અને કુદરતી સંપત્તિ**

કુદરત પાસેથી પ્રાપ્ત થયેલી સંપત્તિને કુદરતી સંપત્તિ કહે છે. દરેક રાજ્યના આર્થિક વિકાસનો આધાર તેની કુદરતી સંપત્તિ પર રહેલો છે. હવા, પાણી, સૂર્યપ્રકાશ, જમીન, જંગલો, પર્વતો, પ્રાણીઓ, ખનિજો વગેરે કુદરતી સંપત્તિ છે.

**આબોહવા :** કોઈપણ સ્થળનું ૩૫થી ૫૦ વર્ષના હવામાનના સરેરાશ પ્રમાણને તે સ્થળની આબોહવા કહે છે. આબોહવા એટલે કોઈપણ જગ્યા કે સ્થળની હવામાં રહેલા ઉષ્ણતામાન કે ભેજની લાંબા ગાળાની સ્થિતિને આબોહવા કહે છે. આપણા દેશમાં મોસમી પ્રકારની આબોહવા આવેલી છે. જે તે પ્રદેશનું ભુપૃષ્ઠ જેતે પ્રદેશને આબોહવાને અસર કરે છે.

**શિયાળો :** ડિસેમ્બરથી ફેબ્રુઆરી મહિના સુધી શિયાળાની ઋતુ અનુભવાય છે. જેમાં સૌથી ઠંડો મહિનો જાન્યુઆરી હોય છે. ગુજરાતમાં શિયાળો સાધારણ ઠંડો અને સૂકો રહે છે. દરિયાકિનારે અને તેની નજીકના વિસ્તારોમાં ઠંડીનું પ્રમાણ ઓછું હોય છે જ્યારે ઉત્તર ગુજરાતના વિસ્તારમાં ઠંડીનું પ્રમાણ વધુ હોય છે. ગુજરાતમાં સૌથી ઓછું તાપમાન કચ્છ જિલ્લાના નલિયા તેમજ બનાસકાંઠા જિલ્લાના ડીસાનું હોય છે. કેટલીક વખત ભારતમાં હિમવર્ષા થતાં ગુજરાતમાં ઠંડીનું મોજું ફરી વળે છે અને ક્યારેક તો કોઈ જગ્યાએ વરસાદ પણ થાય છે જેને 'માવઠું' કહે છે. ગુજરાતમાં શિયાળો આરોગ્યપ્રદ અને ખૂશનૂમા છે.

**ઉનાળો :** માર્ચથી મે મહિના સુધી ઉનાળો હોય છે. ગુજરાતમાં ઉનાળો એકંદરે ગરમ અને સૂકો હોય છે. સૌથી ગરમ મહિનો મે મહિનો હોય છે. ગુજરાતમાં સૌથી વધુ તાપમાન બનાસકાંઠા જિલ્લાના ડીસામાં નોંધાય છે. કચ્છના રણ વિસ્તારમાં ઉનાળામાં પૂષ્કળ ગરમી પડે અને તેની પરથી આવતા ગરમ પવનને 'લૂ' કહેવામાં આવે છે.

**ચોમાસું :** જૂનથી સપ્ટેમ્બર માસ દરમિયાન ચોમાસુ રહે છે. ગુજરાતમાં વરસાદનો મુખ્ય આધાર મોસમી પવનો ઉપર છે. ઉનાળાના અંત ભાગમાં અરબ સાગર પરથી વાતા નૈઋત્યકોણીય મોસમી પવનો વરસાદ લાવવામાં મદદરૂપ થાય છે. સૌથી વધુ વરસાદ જુલાઈ મહિનામાં નોંધાય છે. દક્ષિણ ગુજરાતના વલસાડ, ધરમપુર તેમજ ડાંગ વિસ્તારમાં પડે છે. કોઈવાર સતત સાતથી દસ દિવસ સુધી વરસાદ પડે છે જેને 'હેલી' કહે છે.

**પાછા ફરતા મોસમી પવનોની ઋતુ :** ઑક્ટોબર-નવેમ્બરના સમયગાળાને ઋતુ પરિવર્તનનો ગાળો છે. ઑક્ટોબરની ગરમી લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર કરે છે. અને નવેમ્બરના છેલ્લા સપ્તાહમાં ઠંડીનો અનુભવ થાય છે.

**હવામાન (મૌસમ) :**

મોસમી શબ્દ અરબી શબ્દ મોસમ પરથી આવ્યો છે. તેનો અર્થ સારા પવનોની ઋતુ. હવામાન (મૌસમ) : કોઈપણ સ્થળનું કોઈ નિશ્ચિત સમયે તાપમાન, તડકાનું પ્રમાણ, વાદળ, ભેજનું પ્રમાણ વરસાદ, વાયું દબાણ, પવનોની દિશા અને ગતિ વિગેરેની ચોક્કસ માત્રાને તે સ્થળનું હવામાન (મૌસમ) કહે છે.

**કુદરતી સંપત્તિ**

**જંગલ સંપત્તિ :** ગુજરાતમાં મુખ્યત્વ ચાર પ્રકારના જંગલો જોવા મળે છે.

**(૧) ભેજવાળા પાનખર જંગલો :** ૧૨૦ સે.મી. કરતા વધારે વરસાદવાળા ક્ષેત્રોમાં આવા જંગલો આવેલા છે. જે ઈમારતી લાકડા માટે ઉપયોગી છે. આવા જંગલો માટે ભાગે દક્ષિણ ગુજરાતમાં આવેલા છે. આ જંગલોમાં વલસાડમાં વલસાડી સાગ થાય છે. સાગ, સાલ, વાંસ, આંબો, સિસમ, લિંબડો, મહૂડો વગેરે વૃક્ષો જોવા મળે છે.

**(૨) સૂકા પાનખર જંગલો :** ૯૦ થી ૧૨૦ સે.મી. વરસાદ ધરાવતા ક્ષેત્રોના જંગલો. જેમાં સાગ, સાલ, સિસમ, મહૂડો, ખાખરો, લીમડો, ખેર, બાવળ વગેરે વૃક્ષો થાયછે. જે દક્ષિણ ગુજરાત મધ્યગુજરાતમાં જોવા મળે છે.

**(૩) સૂકા ઝાંખરાવાળા / કાંટાળી વનસ્પતિવાળા જંગલો :** ૪૦ થી ૯૦ સે.મી. જેટલો વરસાદવાળા ક્ષેત્રોમાં જેમાં વૃક્ષો થોર, બોરડી, ગાંડાબાવળ જેવા કાંટાળા વૃક્ષો જોવા મળે છે. ગુજરાતમાં ઉત્તરગુજરાતના રણકાંઠાના વિસ્તાર અને કચ્છમાં જોવા મળે છે.

**(૪) મેન્ગ્રુવ જંગલો :** દરિયા કિનારાના કાદવ-કિચડવાળા જંગલોમાં જે કચ્છ, જામનગર અને પોરબંદરના કાદવ-કિચડવાળા દરિયાકિનારે જોવા મળે છે. જે જમીનનું ધોવાણ અટકાવવા માટે મહત્ત્વનો ભાગ ભજવે છે.

સામાજિક વનીકરણ યોજના અંતર્ગત વૃક્ષો ઉગાડવાની ઝુંબેશ શરૂ થઈ છે.

**પ્રાણી સંપત્તિ :**

પ્રાણીઓ આપણને કુદરતે આપેલી અમૂલ્ય સંપત્તિ છે. (૧) પાલતુ પ્રાણીઓ (૨) જંગલી પ્રાણીઓ એમ બે પ્રકારના પ્રાણીઓ હોય છે. પાલતુ પ્રાણીઓમાં બળદ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, ઊંટ, ઘોડા, ગધેડા વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં ગાયોની ત્રણ જાત જોવા મળે છે. કાંકરેજી- બનાસકાંઠા, ગીર-જૂનાગઢ, ડાંગી-ડાંગ વિસ્તારમાં જોવા મળે છે. સૌથી વધારે ગાયો રાજકોટ જિલ્લામાં જોવા મળે છે. ભેંસોની ચાર જાતો જોવા મળે છે. મહેસાણી, સૂરતી, જાફરાબાદી અને બન્ની. ઘેટાંની જાતો પાટણવાડી અને મારવાડી. સૌથી વધુ ઘેટાં-બકરાં કચ્છ જિલ્લામાં જોવા મળે છે. બકરાની જાતોમાં સુરતી, મહેસાણી, કચ્છી અને ઝાલાવાડી. આ ઉપરાંત મરઘા ઉછેર કેન્દ્રો પણ વિકાસ પામ્યા છે. રાષ્ટ્રીય કક્ષાનું પશુ સંવર્ધન કેન્દ્ર ખેડા જિલ્લાના બીડજ, કાઠી જાતના ઘોડાનું અશ્વ સંવર્ધન કેન્દ્ર જૂનાગઢ, ઊંટ સંવર્ધન કેન્દ્ર ધારી-કચ્છ અને ઘેટા-બકરા સંવર્ધન કેન્દ્ર પાટણ તેમજ કચ્છના મુન્દ્રા ખાતે આવેલ છે. ઈ.સ. ૧૯૩૯માં સુરત જિલ્લાના ૮૪ તાલુકામાં સૌપ્રથમ સહકારી દૂધ મંડળીની સ્થાપના કરવામાં આવી હતી. ઈ.સ.૧૯૪૬માં ખેડા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી મંડળી સ્થાપવામાં આવી. ઈ.સ.૧૯૫૫માં યુનિસેફની મદદથી અમૂલ ડેરીની સ્થાપના કરાઈ.

**પ્રાણી સંપત્તિનું મહત્ત્વ :**

બળદ ખેતી માટે ઉપયોગી છે, ઊંટ, ઘોડા, ગધેડા માલની હેરફેર માટે ઉપયોગી બને છે. દૂધાળા પશુઓને કારણે ડેરી ઉદ્યોગ, સારા પ્રમાણમાં વિકસ્યો છે. દૂધમાંથી માખણ, ઘી, ચીઝ, પનીર, શીખંડ, બેબીફૂડ, પાવડર, ચૉકલેટ, આઈસ્ક્રીમ જેવી વસ્તુઓ બનાવવામાં આવે છે. ઘેટાંના ઊનમાંથી ગરમ કપડાં, ધાબળા, ગાલીચા વગેરે બને છે. પ્રાણીઓના ચામડામાંથી બૂટ, ચંપ, પાકીટ,

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

પટ્ટા વગેરે જેવી ચીજો બને છે. જંગલોમાં રહેતા વન્ય પ્રાણીઓ સહેલાણીઓ માટે આકર્ષણના કેન્દ્રો બન્યા છે. જેથી પ્રવાસન વિભાગનો વિકાસ, આવક થાય છે.

**અભયારણ્ય :**

પશુપંખીઓ નિર્ભય બનીને મુક્ત રીતે હરીફરી શકે, તેઓનું રક્ષણ થાય અને તેમનું સંવર્ધન થઈ શકે તે હેતુથી જે પ્રદેશને આરક્ષિત જાહેર કર્યો હોય તેને અભયારણ્ય કહે છે.

- **ગીર નેશનલ પાર્ક અને અભયારણ્ય :** જુનાગઢ જિલ્લાના ઉના તાલુકામાં સિંહ માટે આવેલા આ અભયારણ્યમાં સિંહ, દીપડા, હરણ, સાબર, બિલાડી, કાળિયાર, જંગલી ભુંડ તેમજ વિવિધ પ્રકારના પક્ષીઓ જોવા મળે છે.
- **નારાયણ સરોવર ચિંકારા અભયારણ્ય :** કચ્છના લખપત તાલુકામાં આવેલા આ અભયારણ્યમાં ચિંકારા, જંગલી બિલાડી, શિયાળ અને સ્થળાંતરીય પક્ષીઓની અનેક જાતિઓ ત્યાં જોવા મળે છે.
- **મરીન નૅશનલ પાર્ક અને અભયારણ્ય :** જામનગરના ઓખા મંડળ પાસે આવેલા અભયારણ્યમાં માછલીની વિવિધ જાતિઓ જેવી કે બોનેલીયા, એમ્ફીક્સોસ, જેલીફિશ, સ્ટારફિશ, ડૉલ્ફિન વગેરે જોવા મળે છે.
- **સુરપાણેશ્વર અભયારણ્ય :** નર્મદા જિલ્લાના ડેડીયા પાડા તાલુકામાં આવેલા આ અભયારણ્યમાં ચૌશીંગા, રીંછ, હાયના, દીપડા, જંગલી બિલાડી, હરણ, ઝરખ વગેરે જોવા મળે છે.
- **જેસોર રીંછ અભયારણ્ય :** બનાસકાંઠાના ધાનેરા તાલુકામાં આવેલા આ અભયારણ્યમાં રીંછ, દીપડા, નીલગાય, શાહુડી, સાંભર, પક્ષીઓ વગેરે જોવા મળે છે. આ ઉપરાંત પાલનપુર પાસે રીંછ અને નીલગાય માટે બાલારામ અભયારણ્ય પણ આવેલ છે.
- **બરડા અભયારણ્ય :** પોરબંદરના રાણાવાવમાં આવેલ અભયારણ્યમાં જંગલી ભૂંડ, ચિત્તલ, દીપડા, નીલગાય, વાંદરા, સાંભર વગેરે જોવા મળે છે.
- **હીંગોળગઢ પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય :** રાજકોટના જસદણમાં આવેલ આ અભયારણ્ય ચિંકારા, નીલગાય, સ્થળાંતરીય પક્ષીઓ જેવાં કે હંજ, ફ્લૅમિંગો વગેરે જોવા મળે છે.
- **જાંબુઘોડા અભયારણ્ય :** પંચમહાલના જાંબુઘોડામાં રીછ જોવા મળે છે.
- **રતનમહાલ રીંછ અભયારણ્ય :** દાહોદ જિલ્લાના લીમખેડામાં રીંછ, ચિંકારા, દીપડા, નીલગાય, ડુક્કર વગેરે જોવા મળે છે.
- **વેળાવદર :** ભાવનગરના વલભીપુરમાં બ્લૅકબક (કાળિયાર), નીલગાય, શિયાળ, વરુ, સ્થળાંતરીય પક્ષીઓ વગેરે જોવા મળે છે.
- **વાંસદા નેશનલ પાર્ક :** નવસારીના વાંસદામાં વાઘ, દીપડા, ઝરખ, ચૌશીંગા, જંગલી ભૂંડ, સાબર, હરણ, વાંદરા વગેરે જોવા મળે છે.
- **ઘુડખર અભયારણ્ય :** સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા પાસેના કચ્છના નાના રણમાં ઘુડખર (જંગલી ગધેડા) માટે વિખ્યાત છે.
- **સુરખાબનગર રણ અભયારણ્ય :** કચ્છ જિલ્લાના રાપર તાલુકામાં સ્થળાંતરીયા પક્ષીઓ જેવા કે ફ્લેમિંગો અને વિવિધ જાતિના પક્ષીઓ ઉપરાંત નીલગાય, શિયાળ અને ચિંકારા જોવા મળે છે. અહીંયા શિયાળા દરમિયાન આખું સુરખાબનગર રચાય છે.
- **સામુદ્રિક રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્ય :** જામનગરથી કચ્છના અખાતમાં જોડીયાથી ઓખા સુધીનો દરિયાકિનારો સામુદ્રિક ઉદ્યાનમાં કોર્નલિયા, ડૉલ્ફિન, બૉલકેટ, સ્ટારફિશ અને વિવિધ જળચર પ્રાણીઓ અને પક્ષીઓ તેમજ પરવાળાના ટાપુઓ માટે ખૂબજ જાણીતું છે.
- **હાથબ કાચબા ઉછેર કેન્દ્ર :** ભાવનગર પાસે હાથબના દરિયાકિનારે કાચબા ઉછેર કેન્દ્ર આવેલ છે. આ ઉપરાંત ગુજરાતમાં વાંકાનેરમાં રામપરા, પંચમહાલ જિલ્લામાં જાંબુઘોડા, અમરેલીના ધારીમાં પનીયા, જામનગરના કલ્યાણપુરા પાસે મહાગંગા, જામનગરના જોડીયા પાસે ખીજડીયા પક્ષી, અમદાવાદ અને સુરેન્દ્રનગર જિલ્લાની વચ્ચે વિવિધ સ્થળાંતરીયા પક્ષીઓ માટે નળસરોવર, મહેસાણાના કડી પાસે થોળ પક્ષી, ડાંગમાં પૂર્ણા અભયારણ્યો આવેલા છે.

**ખનીજ સંપત્તિ :**

(૧) **ધાતુ ખનીજ :** તાંબુ, જસત, સીસું, મેગેનીઝ, બોક્સાઈટ વગેરે

(૨) **અધાતુ ખનીજ :** ફ્લોરસ્પાર, અકીક, ચૂનાનો પથ્થર, ડોલમાઈટ કેલ્સાઈટ, ચિનાઈ માટી, ફાયરક્લે, કુંદ કરવાની માટી પ્લાસ્ટીકક્લે, વુલેસ્ટોનાઈટ, બેન્ટોનાઈટ, ગ્રેફાઈટ, લિગ્નાઈટ, ખનીજતેલ, કુદરતી વાયુ વગેરે.

(૧) **ધાતુ :** તાંબુ, જસત, સીસું - બનાસકાંઠાના દાંતા પાસે મળી આવે છે. તાંબાનો ઉપયોગ ખાંડના શુદ્ધિકરણ માટે કરવામાં આવે છે.

- **મૅંગેનીઝ :** પંચમહાલમાં શિવરાજપુરની ખાણમાંથી મળી આવે છે.
- **બૉક્સાઈટ :** ઓખા મંડળનો કિનારો જામનગર જિલ્લો

(૨) **અધાતુ :** ફ્લોરસ્પાર : વડોદરા જિલ્લાના છોટાઉદેપુર પાસે મળે છે. તેનો ઉપયોગ લોખંડ અને કાચ જેવી ધાતુઓને ઓગાળવા અને ખનિજતેલના શુદ્ધિકરણ માટે થાય છે.

- **અકીક :** નર્મદા જિલ્લાની રાજપીંપળાની ટેકરીઓ અને કચ્છ, રાજકોટ, જુનાગઢ, જામનગર અને ભાવનગર જિલ્લામાંથી મળી આવે છે.
- **ચૂનાનો પથ્થર :** પ્રસ્તર જળકૃત ખડકનું સ્વરૂપ છે. તે કચ્છ, જામનગર જિલ્લાના મીઠાપુર અને સુરત જિલ્લાના તડકેશ્વર પાસેથી 'મિલિયોનાઈટ' પ્રકારનો ચૂનાનો પથ્થર મળે છે. (બાંધકામોમાં પોરબંદરનો પથ્થર વપરાય છે.)
- **ડોલામાઈટ :** પ્રસ્તરખડકનું સ્વરૂપ-સૌથી વધુ વડોદરા જિલ્લામાંથી મળે છે.
- **કૅલ્સાઈટ :** પાતાળીય અગ્નિકૃત ખડકો સૌથી વધુ ભાવનગર, જામનગર, રાજકોટ, અમરેલી, બનાસકાઠાં, પંચમહાલ, ભરૂચ, જૂનાગઢ જિલ્લામાંથી મળે છે. કૅલ્સાઈટનો જથ્થો પનાલા ડીપોઝીટ કહેવાય છે. કૅલ્સાઈટના ઉત્પાદનમાં ગુજરાતમાં ભારતમાં બીજા સ્થાને છે.
- **ચીનાઈમાટી :** સાબરકાંઠા જિલ્લામાં અરસોડીયા પાસેથી મળે છે. જે ભારતમાં ચિનાઈ માટીનું સૌથી મોટું ક્ષેત્ર છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર જિલ્લામાંથી પણ મળે છે.
- **ફાયરકલે (અગ્નિજીત માટે) :** સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી, સાયલા પાસેથી મળે છે. ઉપરાંત પંચમહાલ, સાબરકાંઠા, અમરેલી, કચ્છ અને સુરત જિલ્લામાંથી મળે છે.
- **કુંદી કરવાની માટી :** (મુલતાની માટી) કચ્છ, જામનગર, ભાવનગર જિલ્લામાંથી મળે છે.
- **પ્લાસ્ટીક કલે :** ભાવનગર જિલ્લામાં મળે છે.
- **ચિરોડી (જિપ્સમ) :** જામનગર, કચ્છ, પ્લોટ લેન્ડસીમેન્ટ બનાવવામાં ઉપયોગી છે.
- **વુલેસ્ટનાઈટ :** બનાસકાંઠા જિલ્લાના પાલનપુર પાસેથી મળે છે.
- **બેન્ટોનાઈટ :** કચ્છ અને ભાવનગર જિલ્લામાંથી મળે છે.
- **ગ્રેફાઈટ :** દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા પાસેથી, પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા પાસેથી અને વડોદરા જિલ્લાના છોટા ઉદેપુર તાલુકામાંથી મળે છે.
- **લિગ્નાઈટ :** પાનન્ધ્રો-કચ્છ, સુરેન્દ્રનગર અને ભરૂચ જિલ્લામાંથી મળે છે.

**ખનીજ તેલ અને કુદરતી વાયુ :**

ગુજરાતમાં સૌપ્રથમ ખનીજતેલ અને કુદરતી વાયુ ઈ.સ.૧૯૫૮માં આણંદ જિલ્લાના લૂણેજ ખાતેથી મળી આવ્યું. સૌથી વધુ ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ખાતે મળે છે. ઉપરાંત મહેસાણા જિલ્લાના પાનસર, છત્રાલ, કલોલ નજીક પણ ખનિજ તેલ મળી આવે છે. ગુજરાતમાં ખનિજ ક્ષેત્રની સંશોધન અને ખોદકામના આયોજન માટે ONGC તેલ અને કુદરતી વાયુપંચ સંસ્થા કાર્યરત છે. GMDC (ગુજરાત ખનિજ વિકાસ નિગમ) જેવી સંસ્થાઓ કાર્યરત છે. પૃથ્વીના પેટાળમાંથી ખોદકામ દ્વારા નીકળતી પેદાશોને ખનિજ કહેવાય. CNG (કમ્પ્રેસ્ડ નેચરલ ગેસ) મિથેન ગેસ, LPG (લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ) બ્યુટેન ગેસ

**ખનિજ સંપત્તિનું મહત્ત્વ :** બૉક્સાઈટમાંથી ઍલ્યુમિનિયમ બનાવવામાં આવે છે. તાંબુ તથા અબરખ વીજળીના સાધનો બનાવવા માટે વપરાય છે. ગંધકનો ઉપયોગ ખાતર તરીકે તથા રસાયણો બનાવવામાં થાય છે. ચૂનાના પથ્થરનો ઉપયોગ સિમેન્ટ બનાવવામાં થાય છે. કોલસામાંથી થર્મલ પાવર-તાપવિદ્યુત ઉત્પન્ન કરવા માટે થાય છે. ખનિજતેલમાંથી પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, કુદરતી ગૅસ મળે છે.

**થર્મલ વિદ્યુત મથક :** ગાંધીનગર, ધુવારણ, ઉકાઈ, પાનન્ધ્રો, સાબરમતી, વણાકબોરી, સિક્કા, ઉતરાણ, કડાણા, હજીરા, માંગરોલ અને કંડલામાં આવેલા છે.

**જળવિદ્યુત મથક :** ઉકાઈ અને કડાણામાં આવેલા છે.

**ગોબર ગૅસ :** અમદાવાદ જિલ્લાના દસક્રોઈ તાલુકાના ઉદતલ ગામ અને દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી તેમજ સિધ્ધપુર પાસેના મેથાણ ગામે ગૉબર ગૅસ પ્લાન્ટ આવેલ છે.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

# ગુજરાતની ખેતી અને ઉદ્યોગો

## ગુજરાતની ખેતી

**ધાન્યપાકો :** બાજરી-બનાસકાંઠા, ઘઉં-અમદાવાદ, ડાંગર-ખેડા, જુવાર-ભાવનગર (વાવેતર); સુરત (ઉત્પાદન) અને મકાઈ-દાહોદ જિલ્લામાં સૌથી વધુ પાકે છે.

**રોકડીયા પાકો :** કપાસ-સુરેન્દ્રનગર (વાવેતર); વડોદરા (ઉત્પાદન), મગફળી-જૂનાગઢ, તમાકુ-ખેડા, જીરૂ;વરિયાળી;ઈસબગુલ-મહેસાણા અને શેરડી-સુરત જિલ્લામાં સૌથી વધુ પાકે છે.

**બાગાયતી :** બટાકા-ડીસા, ડુંગળી-ભાવનગર જિલ્લામાં સૌથી વધુ પાકે છે.

**ફળફળાદી :** કેરી-વલસાડ (હાફૂસ); જુનાગઢ (કેસર), ચીકુ-વલસાડ, જામફળ-અમદાવાદ, દાડમ-ભાવનગર, પપૈયુ-ખેડા, કેળા-ખેડા, ખારેક-કચ્છ જિલ્લામાં વધુ પાકે છે.

ગુજરાત દેશમાં ફળફળાદિમાં ૧૨મા ક્રમે, ફૂલોમાં ૯માં ક્રમે અને સેવંતીના ફુલોમાં છઠ્ઠા ક્રમે છે.

**ખેતીક્ષેત્રની ક્રાંતિઓ :** હરિત-અનાજ, શ્વેત-દૂધ, ગોળ/વર્તુળ-બટાકા,નીલી-મત્સ્ય, ભૂરી-રાસાયણિક ખાતર, સોનેરી-ફળફળાદિ, પીળી-તેલીબિયા, લાલ-માંસ/ટમેટા, બ્લેક/બ્રાઉન-ખનીજતેલ, ગુલાબી-ઝીંગા (માછલી)

**પાકનું વર્ગીકરણ :**

**(૧) ખરીફ પાક :** ચોમાસાની ઋતુમાં થતા પાકને ખરીફ પાક કહેવાય છે. ડાંગર, બાજરી, જુવાર, કપાસ, મગફળી, એરંડા, તલ, સોયાબીન, શેરડી, અડદ, એરંડા, તલ, સોયાબીન, મગ, તુવેર શણ, શક્કરિયા, ગવાર, ભીંડા વગેરે ખરીફ પાકો છે.

**(૨) રવિ પાક :** શિયાળાની ઋતુમાં થતા પાકને રવિ પાક કહે છે. ઘઉં, ચણા, જવ, બટાકા, તમાકુ, સરસવ, વટાણા, મશૂર વગેરે રવિ પાક છે.

**(૩) જાયદ પાક :** ઉનાળાની ઋતુ અથવા બે ઋતુ શિયાળા-ઉનાળાની મધ્યમાં થતા પાકને જાયદ પાક કહે છે. તડબૂચ, દૂધી, મરચાં, ટામેટા, સૂર્યમુખી વગેરે જાયદ પાક છે.

**ગુજરાતમાં જમીન, ખેતી અને સિંચાઈ :** ગુજરાતમાં કાળી, રેતાળ, ગોરાળુ, ક્ષારીય જમીન જોવા મળે છે. કપાસ માટે કાનમનો પ્રદેશ તથા કાળીજમીન જોવા મળે છે. બાજરી માટે બનાસકાંઠા,મહેસાણા, સાબરકાંઠાનો કેટલોક ભાગ રેતાળ જમીનમાં થાય છે. ઘઉં માટે ભાલ પ્રદેશ પ્રખ્યાત છે.

**(૧) ધાન્ય પાક : બાજરી :** બાજરી માટે રેતાળ અને ગોરાડુ જમીન અનુકૂળ છે. બાજરીના વાવેતર વિસ્તારની દ્રષ્ટિએ બાજરીનો પાક ગુજરાતમાં પ્રથમ નંબરે છે. જ્યારે ઉત્પાદન ભારતમાં દ્વિત્તિય ક્રમે છે. બાજરીનું ઉત્પાદન સૌથી બનાસકાંઠામાં થાય છે. આ ઉપરાંત પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ખેડા, અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, અમરેલી, જામનગર અને કચ્છ જિલ્લામાં પણ બાજરીનું ઉત્પાદન થાય છે.

**ઘઉં :** ભેજનો સંગ્રહ કરી શકે તેવી કાળી ચીકણી જમીન ઘઉંના પાકને વધુ અનુકૂળ છે. અમદાવાદ જિલ્લાના ભાલ વિસ્તારમાં થતા ભાલિયા ઘઉં પ્રખ્યાત છે. ગુજરાતમાં સફેદ અને રાતા ઘઉં થાય છે. ગુજરાતમાં ઘઉંનું વાવેતર અમદાવાદ, મહેસાણા, રાજકોટ, બનાસકાંઠા, ખેડા, વડોદરા, જુનાગઢ જિલ્લામાં ઘઉંનું ઉત્પાદન થાય છે. ઘઉંના વધુ ઉત્પાદન માટે કલ્યાણ, સોના, સોનાલિકા, અરણેજ-૯૨૪, એન.પી.-૮૭૨ જેવી જાતોનું વાવેતર કરવામાં આવે છે.

**ડાંગર :** ડાંગરને ફળદ્રુપ જમીન અને વધુ વરસાદી વિસ્તાર જરૂરી છે. ગુજરાતમાં કચ્છ અને ડાંગ સિવાયના મોટાભાગના જિલ્લાઓમાં થોડા ઘણા પ્રમાણમાં ડાંગરનું વાવેતર થાય છે. ડાંગરનું સૌથી વધુ ઉત્પાદન ખેડા જિલ્લામાં થાય છે. ડાંગરનું વધુ ઉત્પાદન મેળવવા સુતરશાળ, સુખવેલ, કમોદ, જીરાસર, ગુજરાત-૧૭, જયા, વિજયા અને પંખાળી વગેરે જાતોનું વાવેતર થાય છે.

**(૨) રોકડીયા પાક :** મગફળી : મગફળી માટે ઓછી ફળદ્રુપ અને મધ્યમ કાળી રેતી મિશ્રિત જમીન માફક આવે છે. ગુજરાતમાં સૌથી વધુ ઉત્પાદન રોકડીયા પાકોમાં મગફળીનું વાવેતર અને ઉત્પાદનની દ્રષ્ટિએ ભારતમાં પ્રથમ સ્થાન ધરાવે છે. મગફળીનું સૌથી વધુ ઉત્પાદન જુનાગઢ જિલ્લામાં થાય છે. આ ઉપરાંત અમરેલી, રાજકોટ, જામનગર અને ભાવનગર જિલ્લામાં મગફળીનું ઉત્પાદન થાય છે.

**કપાસ :** કપાસ માટે કાળી જમીન વધુ માફક આવે છે. ગુજરાતનો કાનમ પ્રદેશ ઉત્તમ પ્રકારના કપાસ માટે જાણીતો છે. ગુજરાત કપાસના ઉત્પાદનમાં ભારતમાં પ્રથમ અને વાવેતર વિસ્તારમાં બીજું સ્થાન ધરાવે છે. કપાસનું ઉત્પાદન વડોદરા, ભરૂચ, ખેડા, સુરેન્દ્રનગર, રાજકોટ અને મહેસાણા જિલ્લામાં થાય છે. કપાસનું વધુ ઉત્પાદન મેળવવા દેવીરાજ, દેવીતેજ, ગુજરાત-૬૭, શંકર-૪ અને ૬ જેવી જાતોનું વાવેતર થાય છે.

**શેરડી :** શેરડી માટે ફળદ્રુપ જમીન અને પૂરતા પ્રમાણમાં પાણી વધારે અનુકૂળ આવે છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં શેરડીનું વાવેતર વધું થાય છે. ખાંડ અને ગોળ ઉદ્યોગનો વિકાસ સારા પ્રમાણમાં થયો છે.

**ફળો :** દક્ષિણ ગુજરાતની ફળદ્રુપ જમીનોના વિસ્તારોમાં ફળફળાદિની ખેતીનો વિકાસ વધુ થયો છે. કેરી, કેળાં, જામફળ, નાળિયેર જેવા ફળોનું ઉત્પાદન થાય છે.

**કઠોળ :** ચણા, મગ, તુવેર, અડદ જેવા તેમજ જીરૂ, વરિયાળી, ઈસબગુલ જેવા અન્ય પાક સારા પ્રમાણમાં લેવામાં આવે છે.

**સિંચાઈ :** આપણને સપાટી પરનું જળ અને ભૂગર્ભ જળ એમ બે પ્રકારની જળસંપત્તિ મળેલ છે. સામાન્ય રીતે કૂવાઓ, બોર, નાના-મોટા બંધો દ્વારા કૃત્રિમ વ્યવસ્થાથી પાણીનું સિંચન કરવામાં આવે છે. જેને સિંચાઈ કહે છે.

## ગુજરાતની જમીન

**(૧) કાંપની જમીન :** ગુજરાતના પચાસ ટકા કરતાં વધુ વિસ્તારમાં કાંપની જમીન આવેલી છે. કાંપ, રેતી અને માટીના પ્રમાણને ધ્યાનમાં રાખી કાંપની જમીનને બે ભાગમાં વહેંચવામાં આવે છે.

**નદીના કાંપની જમીન :** આ જમીનમાં ગોરાટ, ગોરાડુ, ભાઠાની અને બેસર જમીનનો સમાવેશ થાયછે. ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં, ખેડા જિલ્લામાં સાબરમતી અને મહી નદી વચ્ચેના પ્રદેશમાં, વડોદરા જિલ્લાના ડભોઈ અને તેની આસપાસના પ્રદેશમાં તથા સુરત જિલ્લાના કેટલાક વિસ્તારમાં 'ગોરાટ જમીન' આવેલી છે. સાબરમતીના પૂરના મેદાની પ્રદેશમાં અને નદીઓના ટાપુના પ્રદેશમાં કાંપના નિક્ષેપણથી રચાયેલી 'ભાઠાની જમીન' આવેલી છે. જે ઘઉં, શાકભાજી, સક્કરટેટી અને તડબૂચના વાવેતર માટે અનુકૂળ છે. ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતની રેતાળ કાંપની જમીન 'ગોરાડુ જમીન' તરીકે ઓળખાય છે. આ પ્રકારની જમીન વડોદરા, ખેડા, અમદાવાદ, સાબરકાંઠા, મહેસાણા, બનાસકાંઠા જિલ્લામાં આવેલી છે. આ જમીન ઘઉં અને ડાંગરના વાવેતર માટે અનુકૂળ છે. મધ્ય ગુજરાતનો સૌથી ફળદ્રુપ પ્રદેશ 'ગુજરાતના બગીચા' તરીકે ઓળખાય છે. ખેડા જિલ્લાની કાંપની જમીન 'બેસર જમીન' તરીકે ઓળખાય છે. તમાકુના પાક માટે આ જમીન ઉત્તમ ગણાય છે.

**કિનારાની અને મુખત્રિકોણ પ્રદેશની કાંપની જમીન :** કચ્છના કિનારાના વિસ્તારમાં રચાયેલી આ જમીન પર અર્ધસૂકી આબોહવાની અસર છે. દક્ષિણ સૌરાષ્ટ્ર, સુરત, ભરૂચ અને વલસાડના કિનારાના પ્રદેશમાં આવી જમીનની રચના થઈ છે. આ જમીન પર મીઠાના ક્ષાર અને જિપ્સમ (ચિરોડી)ની પોપડી આવેલી છે. આથી આ જમીન ખેતી માટે બિનઉપયોગી ગણાય છે.

**(૨) કાળી જમીન :** આ જમીન રંગે કાળી છે. પરંતુ તેમાં રહેલાં તત્ત્વોને આધારે તેના રંગમાં તફાવત પડે છે. પંચમહાલ, સાબરકાંઠા અને વડોદરા જિલ્લામાં તથા સૌરાષ્ટ્રમાં મધ્યમ કાળા રંગની જમીન છે. આ જમીનમાં ચૂનાનાં તત્ત્વો અને નાઈટ્રોજનનું પ્રમાણ ઓછું હોય છે. આવી જમીનમાં ડાંગર, મગફળી અનેકપાસનું વાવેતર થાય છે. વડોદરા, ભરૂચ અને વલસાડ જિલ્લામાં ઘેરા કાળા રંગની જમીન છે. કપાસની ખેતી માટે આ જમીન ઉત્તમ છે. ગુજરાતનો 'કાનમનો કપાસનો પ્રદેશ' આવી જમીન ધરાવે છે.

**(૩) રેતાળ જમીન :** ૨૫°સે કરતાં ઓછા વરસાદવાળા વિસ્તારમાં આ જમીન આવેલી છે. બનાસકાંઠા જિલ્લાના વાયવ્ય ભાગમાં, મહેસાણા જિલ્લાના ઉત્તર અને પશ્ચિમ ભાગમાં, સાબરકાંઠા જિલ્લાના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં તથા કચ્છ જિલ્લામાં આવી જમીન આવેલી છે. આ જમીન ખેતી માટે બિનઉપયોગી છે, પરંતુ જો સિંચાઈની સગવડ થાય તો ખેતી થઈ શકે છે.

**(૪) સ્થાનિક જમીન :** ખવાણ અને ધોવાણની ક્રિયાઓને કારણે 'પડખાઉ જમીન'ની રચના થાય છે. આ પ્રકારની જમીન સૌરાષ્ટ્રના બરડાના ડુંગરાળ વિસ્તારમાં જોવા મળે છે. ભૂપૃષ્ઠ, બંધારણ અને રંગને આધારે સ્થાનિકપ્રદેશમાં

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

આ જમીન છેડની જમીન, ધારની જમીન, ક્યારીની જમીન વગેરે નામે ઓળખાય છે. સૌરાષ્ટ્રના નીચે ભૂમિ વિસ્તારોમાં તથા જૂનાગઢ જિલ્લાના દક્ષિણ ભાગમાં છેડની જમીન આવેલી છે. આ જમીનમાં ડાંગર અને ફળફળાદિની ખેતી થાય છે. રાજકોટ, અમરેલી અને જૂનાગઢ જિલ્લાના કેટલાક વિસ્તારમાં ધારની જમીન આવેલી છે. આ જમીનમાં મગફળી પુષ્કળ થાય છે. ખેડા અને મહેસાણા જિલ્લામાં ક્યારીની જમીન આવેલી છે. આ જમીનમાં ડાંગરની ખેતી થાય છે.

(૫) **ખાર જમીન :** દરિયાકિનારાની જમીન ભરતીના પાણીના ભરાવાને કારણે બગડે છે. ખાર જમીન બનવામાં સૂકી આબોહવા પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. અમદાવાદ, ભરૂચ, સુરત, વલસાડ, બનાસકાંઠા વગેરે જિલ્લાઓમાં તથા ભાલકાંઠા અને નળકાંઠાના પ્રદેશમાં તથા સૌરાષ્ટ્રના ભાવનગર, પોરબંદર, મોરબી, દ્વારકા, જામનગર વગેરે વિસ્તારોમાં અને કચ્છના પ્રદેશમાં ખાર જમીન આવેલી છે. ખાર જમીન નવસાધ્ય કરી ખેતી હેઠળ લાવવાના પ્રયાસો થાય છે.

**ખેત તલાવડી :** વરસાદનું વધારાનું પાણી વહીજતું અટકાવવા અને તેનો ફરીથી ઉપયોગ કરવા માટે ખેતરમાં એક બાજુ મોટો ખાડો (ચોકડી) બનાવી તેમાં પાણીનો સંગ્રહ કરવામાં આવે છે. ખેતરનું પાણી ખેતરમાં રહે છે. ખેતતલાવડીમાં ઘસડાઈ આવેલ ખાતર-માટીનો ખેતરમાં ફરી ઉપયોગ કરી શકાય છે. ખેત તલાવડીના પાણીનો ઉપયોગ સિંચાઈ તેમજ ઢોરને પીવામાં પણ ઉપયોગી થઈ શકે છે.

**ચેક ડેમ :** નદી, ઝરણાનું કે વહેળાના વહેણનું પાણી વહી જતું અટકાવવા એની આગળ પાકો (સિમેન્ટ-કોંક્રીટ) આડબંધ બાંધી પાણીને રોકવું એટલે ચેકડેમ.

**બોરીબંધ :** નદી કે વોંકળાના વહી જતા પાણીને અટકાવવા માટે સિમેન્ટ કે અન્ય પ્લાસ્ટીકની ખાલી થેલીઓમાં (ગુણોમાં) માટી રેતી ભરી કાચા આડબંધ બાંધવામાં આવે છે તેને બોરીબંધ કહે છે.

**ગુજરાતની બહુહેતુક સિંચાઈ યોજનાઓ :** ગુજરાતની મુખ્ય યોજના નર્મદા જિલ્લાના નવા ગામ પાસે નર્મદા નદી પર બંધ બાંધી આખા ગુજરાતને સિંચાઈ પુરી પાડવા માટે સરદાર સરોવરનું નિર્માણ કરાયું છે. આ ઉપરાંત તાપી નદી પર ઉકાઈ, મહી નદી પર કડાણા અને વણાકબોરી, સાબરમતી પર ધરોઈ, બનાસ નદી પર બનાસ ડેમ, સરસ્વતી નદી પર મુક્તેશ્વર બહુહેતુક સિંચાઈ યોજના આવેલી છે. જેથી ગુજરાતના ખેત ઉત્પાદનમાં સારો એવો વિકાસ થયો છે.

## ગુજરાતના ઉદ્યોગો

**ખેતી આધારિત ઉદ્યોગો :**

**સૂતરાઉ કાપડ :** સુતરાઉ કાપડની સૌથી વધુ મીલો અમદાવાદ-સુરત ખાતે આવેલી છે.

**હાથશાળ/યાંત્રિકશાળ :** સુરતમાં (હેન્ડલૂમ/પાવરલૂમ) તેના વિકાસ માટે ગુજરાત સરકારે 'ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા નિગમની રચના કરી છે' અને કૃત્રિમ રેસામાંથી બનતું આર્ટ સિલ્ક કાપડનો ઉદ્યોગ છે.

**જરી ઉદ્યોગ :** સૂરતમાં વિકાસ પામ્યો છે.

**ખાંડ અને ગોળ ઉદ્યોગ :** સુરતના બારડોલી ખાતે સરકારનું કારખાનું આવેલ છે. જે પ્રથમ ૧૯૫૬-૫૭ માં શરૂ થયું.

**તેલ ઉદ્યોગ :** મગફળી તેલ-જૂનાગઢ, કપાસિયા તેલ-કડી વનસ્પતિ ઘી-ભાવનગર.

બીડી, છીંકણી ઉદ્યોગ ખેડા જિલ્લામાં વિકાસ પામ્યો છે.

ડાંગરની ખુશ્કીમાંથી તેલ બનાવવાનું કારખાનું બારેજડી (અમદાવાદ) ખાતે આવેલ છે.

**ફળફળાદિ પેક કરવાનો ઉદ્યોગ :** ગણદેવી (નવસારી) જૂનાગઢ

બારડોલી, ગણદેવી, પેટલાદ, વગેરે શહેરોમાં ગોળ અને ખાંડ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે.

**ડેરી ઉદ્યોગ :** મહેસાણા, બનાસકાઠાં અને આણંદ જિલ્લામાં ડેરી ઉદ્યોગ વિકાસ પામ્યો છે.

**ખનિજ આધારિત ઉદ્યોગો :**

**સિમેન્ટ ઉદ્યોગ :** જૂનાગઢ, કોડીનાર પાસે અંબુજા સિમેન્ટ અને કચ્છ જિલ્લામાં વિકાસ પામ્યો છે. પોરબંદરના રાણાવાવમાં ગુજરાત હિમાલયા સિમેન્ટ ઈન્ડસ્ટ્રિઝ સફેદ સિમેન્ટનું ઉત્પાદન કરે છે.

**સિરામિક ઉદ્યોગ :** મેંગ્લોરી નળીયા રાજકોટ જિલ્લાના મોરબી અને વાંકાનેરમાં અને સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં વિકાસ પામ્યો છે.

**સેનેટરી વેર્સ :** સુરેન્દ્રનગરના થાનમાં ટાઈલ્સ બનાવવાનો ઉદ્યોગ છે.

**મોઝેક ટાઈલ્સ :** સાબરકાંઠાના હિંમતનગરમાં બીસી ટાઈલ્સનો ઉદ્યોગ છે.

**અકીકને પોલીસ કરવાનો ઉદ્યોગ :** આણંદના ખંભાત અને જામનગરમાં

**ફ્લોરસ્પાર શુદ્ધિકરણનું કારખાનું :** કડીપાણી (વડોદરા)માં આવેલું છે.

**રંગ-રસાયણના કારખાના :** કોસ્ટીક સોડા/સોડા એશનું કારખાનું (ટાટા કેમીકલ્સ) જામનગર પાસે મીઠાપુરમાં છે. જે ગુજરાત પ્રથમ ક્રમે છે. જૂનાગઢ પાસે સુત્રાપાડામાં (G.H.C.L.) ગુજરાત હેવી કેમિકલ્સ લિમિટેડ સુરેન્દ્રનગરના ખારઘોડામાં હિન્દુસ્તાન સૉલ્ટ લિમિટેડનું કારખાનું છે.

**દવા-બનાવવાના કારખાના :** અતુલ-વલસાડ-રંગ રસાયણ અને વડોદરામાં એલેમ્બિક છે.

વડોદરામાં ઇ.સ.૧૯૭૩માં (G.A.C.L.) ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ્સ લીમીટેડની સ્થાપના કરવામાં આવી.

રાસાયણિક ખાતર ઇ.સ.૧૯૬૨ વડોદરામાં બાજવા ખાતે (G.S.F.C.) ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની છે.

૧૯૮૧ ભરૂચ પાસે નર્મદાનગર ખાતે (G.N.F.C.) ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર કંપનીનો યુરિયા પ્લાન્ટ વિશ્વનો સૌથી મોટો પ્લાન્ટ છે. જ્યારે G.S.F.C. નું કારખાનું એશિયાનું સૌથી મોટું કારખાનું છે. ઉપરાંત કૃભકો સુરત પાસેના હજીરા ખાતે, ઈફકો-કલોલ અને કંડલામાં છે.

૧૯૬૯ : વડોદરામાં IPCL (ઈન્ડિયન પેટ્રોકેમિકલ્સ કોર્પોરેશન લી.)ની સ્થાપના કરવામાં આવી.

રીલાયન્સ પેટ્રોલિયમ ઈન્ડસ્ટ્રીઝ સિક્કા-જામનગર, હજીરા-સુરત ખાતે છે.

**એન્જિનિયરિંગ ઉદ્યોગ :** (કેન્દ્ર-અમદાવાદ)

મશીનટૂલ્સ અમદાવાદમાં બને છે. જહાજ ભાંગવાનો ઉદ્યોગ અલંગ, સચાણા, પીપાવાવમાં છે. વૉટરફિટર સુરતમાં, ડીઝલ એન્જિન રાજકોટમાં, ટ્રાન્ઝિસ્ટર રેડિયો કલોલમાં, ઓટો મોબાઈલ પાર્ટ્સ નડીયાદમાં, ખેતી ઓજારો જૂનાગઢમાં, ઘડિયાળ (ઈલેક્ટ્રિક ઘડિયાળ) મોરબીમાં, સાયકલ (વાઘોડિયા) વડોદરામાં, મોટર કારખાનું હાલોલ (જિ.પંચમહાલ)માં, ટર્બાઈન બનાવવાનું કારખાનું હાલોલ (પંચમહાલ)માં, સ્ટીલ પાઈપ બનાવવાનું કારખાનું વટવા (અમદાવાદ)માં વગેરે ઉદ્યોગો ગુજરાતમાં વિકાસ પામ્યા છે.

વડોદરામાં મકરપુરા ખાતે ગુજરાત કોમ્યુનિકેશન એન્ડ ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડનું એકમ આવેલું છે. નડીયાદ ખાતે ટોરેન્ટ કેબલ લિમિટેડની કંપની આવેલી છે. જે કેબલ વાયર અને મેડીકો ઈલેક્ટ્રોનિક્સના સાધનો બનાવે છે મોરબી, થાન, વાંકાનેર અને ધ્રાંગધ્રામાં રમકડાં, ચીનાઈ માટીના વાસણો તેમજ ટાઈલ્સનો ઉદ્યોગ મોટાપાયે વિકાસ પામ્યો છે. જામનગરની આસપાસના વિસ્તારોમાં ચૂનાનો પથ્થર મળી આવતો હોવાથી ત્યાં સિમેન્ટ ઉદ્યોગ વિકાસ પામ્યો છે. વડોદરામાં રાસાયણિક ખાતર તેમજ પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગનો વિકાસ થયો છે. સુરત અને પાલનપુરમાં હીરા ઉદ્યોગ વિકાસ પામ્યો છે. સુરતમાં સિલ્ક, જરી, પતંગ દોરીનો ગૃહ ઉદ્યોગ ચાલે છે.

**જંગલ સંપત્તિ આધારિત ઉદ્યોગો :**

- પૂંઠા બનાવવાનો ઉદ્યોગ : સેન્ટ્રલ પર્લ મીલ તાપીના સોનગઢમાં
- લાકડા વેરવાની સૌથી વધારે મિલ - ખેડા જિલ્લામાં છે.
- ગુજરાત સરકારની એકમાત્ર લાકડા વેરવાની ફેક્ટરી વઘઈ (ડાંગ)માં છે.
- દીવાસળી, શીમળાના લાકડામાંથી બનાવવામાં આવે છે. જે રાજપીપળા, નર્મદા જિલ્લામાં થાય છે.
- પડીયા-પતરાળા, ખાખરાના પાનમાંથી બનાવવામાં આવે છે.
- બીડી-ટીમરૂના પાનમાંથી બનાવવામાં આવે છે.
- કાથો-ખેરના વૃક્ષના લાકડામાંથી આયુર્વેદિક દવાઓ બનાવવાનું સરકારી કારખાનું વડોદરા જિલ્લામાં રમણગામમાં વેવડી ખાતે આવેલ છે.
- ધનવંતરી પરિયોજના હેઠળનું સરકારી આયુર્વેદિક દવાઓનું કારખાનું વડોદરા જિલ્લાના વેવડી ખાતે આવેલ છે.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

## પંચાયતી રાજ

લૉર્ડ રિપન : સ્થાનિક સ્વરાજ્યના પિતા

૧૯૫૨ : સામુદાયિક વિકાસ કાર્યક્રમ

૧૯૫૩ : રાષ્ટ્રીય સેવા વિસ્તારની સ્થાપના

૧૯૫૭ : બળવંતરાય મહેતા સમિતિ - ત્રિસ્તરીય પંચાયતી રાજ

૧૯૬૩ : કે.સંથાનમ સિમિતિ - પંચાયતિરાજનું વિકેન્દ્રિકરણ

૧૯૭૮ : અશોક મહેતા સમિતિ - પંચાયતી રાજના કાર્યોની સમીક્ષા દ્વિસ્તરીય પંચાયતી રાજ

૧૯૮૬ : એલ.એમ. સિંઘવી સમિતિ - પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવાની ભલામણ

સ્વતંત્ર ભારતના સૌપ્રથમ રાજમંત્રી : S.K.De

વર્તમાન પંચાયતી રાજમંત્રી : કિશોરચંદ્ર દેવ

પંચાયતી રાજ દિવસ : ૨૪ એપ્રિલ

પંચાયતી રાજનો શુભારંભ : ૨ ઑક્ટોબર,૧૯૫૯ રાજસ્થાનના (નાગોર) જિલ્લામાં જવાહરલાલ નહેરૂના હસ્તે ઉદ્‌ઘાટન

૨૦૦૯-૧૦ ના વર્ષને ગ્રામસભા વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું.

**૭૩મો બંધારણીય સુધારો :** આ સુધારા અંતર્ગત પંચાયતી રાજને બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો. જે અંતર્ગત બંધારણમાં ભાગ-૯માં અનુચ્છેદ-૨૪૩ માં૧૫ પેટા અનુચ્છેદો ઉમેરવામાં આવ્યા. ઉપરાંત ૧૧મી અનુસૂચિ જોડવામાં આવી.

**૭૩માં બંધારણીય સુધારાની જોગવાઈઓ :** (૧) ત્રિ-સ્તરીય પંચાયતી રાજ (૨) ગ્રામસભા પંચાયતી રાજની પાયાની સંસ્થા (૩) ત્રણે સ્તરમાં ૧/૩ બેઠકો મહિલાઓ માટે અનામત (૪) S.C. S.T. માટે અનામતનું પ્રમાણ વસ્તી આધારિત. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ માટે રાજ્ય ચૂંટણી પંચની વ્યવસ્થા. આયોજનને ઉત્તેજન આપવા માટે જિલ્લા આયોજન સમિતિની રચના.

**પંચાયતી રાજના અનુચ્છેદો :** અનુચ્છેદ-૪૦ રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો અનુસાર કલમ-૪૦માં ગ્રામ પંચાયતોની રચના કરવા રાજ્ય પગલા લેશે અને સ્વરાજ્યના એકમો તરીકે કામ કરી શકે તે માટે જરૂરી સત્તા અને અધિકાર આપશે.

**અનુચ્છેદ-૨૪૩ : વ્યાખ્યા**

A = ગ્રામસભા

B = બંધારણ/પંચાયતોની રચના

C = ગઠન (રચના)

D = અનામત

E = કાર્યકાળ

F = સભ્યોની ગેર લાયકાત

G = પંચાયતની સત્તા, કાર્યો અને જવાબદારી

H = પંચાયતોને કર ઉઘરાવવાની સત્તા

I = પંચાયતો માટે નાણાપંચની જોગવાઈ

J = પંચાયતોનું ઓડિટ

K = પંચાયતોની ચૂંટણી

L = કેન્દ્રશાસિત પ્રદેશોની બાબતો

M = કેટલાક ભાગોને લાગુ નહિ પડે તે અંગેની જોગવાઈઓ

ભારતમાં ત્રણ રાજ્યમાં પંચાયતીરાજ નથી. મેઘાલય, નાગાલેન્ડ અને મિઝોરમ. એક કેન્દ્ર શાસિત પ્રદેશમાં પંચાયતી રાજ નથી. : દિલ્લી

N = રાજ્યના વર્તમાન કાયદા જે પંચાયતને લાગુ પડતા હોય તે અંગેની જોગવાઈઓ.

O = પંચાયતની ચૂંટણીની બાબતો અદાલતોના કાર્યક્ષેત્રની બહાર રહે છે.

**ગુજરાતમાં પંચાયતી રાજનો ઈતિહાસ :**

૧૯૨૦ : બૉમ્બે વિલેજ પંચાયત ઍક્ટ

૧૯૩૯ : નવા પંચાયત ધારાનું ઘડતર

૧૯૬૦ : રસીકલાલ પરિખ સમિતિ

૧૯૬૪ : જાદવજી મોદી સમિતિ

૧૯૭૨ : ઝીણાભાઈ દરજી સમિતિ

૧૯૭૮ : રીખવદાસ શાહ સમિતિ

૧૯૯૩ : રાજ્યો વિધાનસભામાં ધારો પસાર

ગુજરાત સરકારે સૌપ્રથમ પંચાયતી રાજને લગતો કાયદો ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ પસાર કર્યો. ત્યારબાદ ૭૩મા બંધારણીય સુધારાને આવરી લેતો કાયદો ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ એ ૧૫-૪-૧૯૯૪ થી અમલમાં આવ્યા.

**(૧) ગ્રામ પંચાયત :** ભારતના બંધારણમાં 'સ્વરાજના પાયાના એકમ' તરીકે ગ્રામ પંચાયતોની રચના કરવાની જોગવાઈ છે.

**રચના :** ૭ થી ૧૫ સભ્યોની હોય છે. ગ્રામ પંચાયતના વડાને 'સરપંચ' કહે છે. સરપંચની ચૂંટણી ગામના બધા મતદારો દ્વારા સીધી રીતે થાય છે. સભ્યોને મતદારો પોતાના વૉર્ડમાંથી ચૂંટે છે. ગ્રામ પંચાયતમાં બેઠકોની સંખ્યા અને અનામત બેઠકોની ફાળવણી 'કલેક્ટર' કરે છે. ગ્રામ પંચાયતની સભ્ય સંખ્યા ત્રણ હજાર સુધીની વસ્તી : ૭ સભ્યો અને દર હજારની વસ્તી વધારા સામે બે સભ્યો વધારવામાં આવે છે.

**ગ્રામ પંચાયતની રચના માટેની શરતો :** (૧) ૫૦૦ (વ્યક્તિની સંખ્યા) ઓછામાં ઓછી હોવી જોઈએ. (૨) વાર્ષિક જમીન મહેસૂલ આવક-૧૦૦૦ રૂપિયો હોવી જોઈએ. (૩) પંચાયતના અન્ય વેરાની આવક માથાદીઠ ૧ રૂપિયો વાર્ષિક હોવી જોઈએ.

**ગ્રામ પંચાયતની મુદ્દત અને ચૂંટણી :** મુદત : પાંચ વર્ષ. પંચાયતની પ્રથમ બેઠકથી મુદત શરૂ. મુદ્દત પુરી થયે ચૂંટણી બે મહિનાથી વહેલી ન યોજી શકાય અને ૧૫ દિવસથી મોડી ન યોજી શકાય. મુદ્દત વચ્ચે પંચાયતનું વિસર્જન થતા છ મહિનામાં ફરી ચૂંટણી યોજવાની રહે છે. જે બાકીની મુદતને પૂર્ણ કરશે.

**અનામત બેઠકો :** મહિલાઓ માટે ૧/૩. S.C., S.T. માટે વસ્તી પ્રમાણે 'OBC' ની વસ્તી હોયતો ૧૦/૧ બેઠક અનામત

**પંચાયતની ચૂંટણી માટે લાયકાત/ગેરલાયકાત :** ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ કલમ-૩૦ અનુસાર ગેરલાયકાતો. (૧) જે વ્યક્તિ નશાબંધીના કાયદા હેઠળ દોષિત ઠરેલ હોય. (૨) અસ્પૃશ્યતાના ગુના હેઠળ દોષિત હોય / પંચાયત અધિનિયમ હેઠળ છે. (૩) છ મહિનાથી વધુ સમયગાળા માટે જેલની સજા ભોગવી હોય. (૪) (ઉપરોક્ત વ્યક્તિઓ પાંચ) વર્ષ સુધી ચૂંટણીઓ લડી શકે નહીં. (૫) નાદાર (દેવાળીયો) થયેલ વ્યક્તિ ન હોવો જોઈએ. ઉપરોક્ત ગેરલાયકાતોમાં સરકારશ્રી દ્વારા વિશેષ 'કેસ'માં માફી મળી શકે છે.(૬) અસ્થિર મગજનો હોય. (૭) પંચાયતના બાંધકામમાં હિત ધરાવતો હોય. (૮) પંચાયતના લેણાની રકમ નોટીસ આપ્યા બાદ પણ ત્રણ મહિના સુધી ચૂકવેલ ન હોય.

**ગ્રામ પંચાયતની બેઠક :** સરપંચ અને ઉપસરપંચ

**સરપંચના કાર્યો અને ફરજો :** (નાણાકીય કાર્યો)

પંચાયતના નાણા ઉપાડવા તેમજ મૂકવા. પંચાયતના નાણાનો રોકાણ કરવાનો નિર્ણય. ઑડિટ રિપોર્ટના જવાબ તૈયાર કરવા. બાંધકામના નિયમોનું પાલન કરવું. પંચાયતના મિલકતની દેખભાળ કરવી.

**સરપંચને આયોજનને લગતા કાર્યો :** આગામી વર્ષનું અંદાજપત્ર (બજેટ) ૩૧ માર્ચ પહેલા મંજુર કરવું. ગ્રામ સભા નિયત મુદ્દતમાં યોજવી. સભ્યો વચ્ચે કામની વહેંચણી કરવી. સરકારની જુદી જુદી યોજનાનો લાભ પોતાના ગામને મળે તેવા પ્રયત્નો કરવા.

**પંચાયતમાં સરપંચના વહીવટી કાર્યો :** પંચાયતના કર્મચારીઓ ઉપર દેખરેખ રાખવી. કરની વસુલાત માટે ચપતીના હુકમો પર સહી કરવી. ન્યાય પંચાયતના કેસોમાં જરૂરી હોય ત્યાં ફરિયાદી બનવું. સરપંચ પોતાનું રાજીનામું તાલુકા પંચાયતને સોંપે છે. સરપંચના રાજીનામાની તકરાર (Dy.D.D.O.) (નાયબ જિલ્લા વિકાસ અધિકારી) નિર્ણય કરે છે.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

**ઉપસરપંચ :** ઉપસરપંચની ચૂંટણી પંચાયતની પ્રથમ બેઠકમાં કરવામાં આવે છે. ઉપસરપંચ પોતાનું રાજીનામું ગ્રામ પંચાયતને આપે છે. તેની તકરાર તાલુકા વિકાસ અધિકારી (T.D.O.) કરે છે. પંચાયતની પ્રથમ બેઠકની તારીખ (T.D.O.) આપે છે.પ્રથમ બેઠકનું અને પંચાયતની તમામ બેઠક તેમજ ગ્રામસભાનું અધ્યક્ષસ્થાન સરપંચ સંભાળે છે. પંચાયતની બેઠક ફરજિયાત એકવાર મળવી જોઈએ. બેઠકની તારીખ, સ્થળ વગેરે સરપંચ નક્કી કરે છે. બેઠકનું કામકાજ ચલાવવા માટે સરપંચ, ઉપસરપંચ સહિત ૧/૩ સભ્યોની હાજરી ફરજિયાત હોવી જોઈએ. પંચાયતની અસાધારણ બેઠક બોલાવવાનો અધિકાર સરપંચને હોય છે. પંચાયતના કુલ સભ્યોના ૫૦% સભ્યોના ટેકાથી સરપંચ, ઉપસરપંચ વિરુધ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવી શકે છે. જે ૨/૩ બહુમતીથી પસાર થતા સરપંચ અને ઉપસરપંચે હોદ્દો છોડવો પડે છે.

**સરપંચ બનવાની શરતો :** તેની ઉંમર ૨૧ વર્ષ કે તેથી વધુ હોવી જોઈએ. ૨૦૦૫ના નિયમ અનુસાર ૨ થી વધારે બાળકો ન ધરાવતા હોવા જોઈએ.

**પંચાયતની સમિતિઓ :** પંચાયતની સમિતિની બેઠક પર ત્રણ મહિને એકવાર મળવી જોઈએ.

(૧) કારોબારી સમિતિ : કુલ પાંચ સભ્યો તેમાં એક સભ્ય ફરજિયાત અનુસૂચિત જનજાતિ અને ૧ મહિલા. મુદ્દત ૨ વર્ષ. ફરજિયાત બે સમિતિઓ પાણી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિ

(૨) સામાજિક ન્યાય સમિતિ : સભ્ય સંખ્યા ૪ થી ૬. બધા જ સભ્યો ફરજિયાતપણે અનુસૂચિત જાતિ અને જનજાતિ. જો પંચાયતમાં ચૂંટાયેલા સભ્યો પૈકી કોઈ વાલ્મીકિ સમાજનો હોય તો ફરજિયાતપણે તેને સભ્ય બનાવવો. ૧ મહિલા સભ્ય ફરજિયાત. મુદ્દત ૫ વર્ષ.

(૩) પાણી સમિતિ : સભ્ય સંખ્યા પાંચ. મુદત બે વર્ષ. ૨૦૦૨ના ઠરાવથી આ સમિતિની નિમણૂક ફરજિયાત. તલાટી કમ મંત્રી આ સમિતિના મંત્રી છે.

**ગ્રામ પંચાયતના વેરા :** મકાનવેરો અથવા મિલકતવેરો માલિકીના મકાન પર મકાનની બજાર કિંમતના દર ૧૦૦ રૂપિયા પર ઓછામાં ઓછા ૫૦ પૈસા વધુમાં વધુ ૧.૨૦ પૈસા વસૂલાય છે. ભાડાના મકાન પર વાર્ષિક ભાડાના ઓછામાં ઓછી ૬.૨૫ ટકા વધુમાં ૧૫ ટકા વેરો.

**પાણી વેરો (બે પ્રકાર) :**

(૧) સામાન્ય પાણી વેરો : ગામના તમામ કુટુંબો પાસેથી ઓછામાં ઓછા પાંચ રૂપિયા વધુમાં વધુ પચાસ રૂપિયા. (૨) ખાસ પાણી વેરો.

**દીવાબત્તી વેરો :** જો સ્ટ્રીટ લાઈટની સગવડ હોય તો દર વર્ષે ગામના કુટુંબો પાસેથી ઓછામાં ઓછા ૨.૫૦ રૂપિયા અને વધુમાં વધુ ૧૦ રૂપિયા હોય છે.

**વાહનવેરો :** સાયકલ જેવા દ્વિચક્રી વાહન પર ૧ થી ૨ રૂપિયા લાગે. બળદગાડા જેવા પશુથી ખેંચાતા વાહન પર ૨ થી ૪ રૂપિયા લાગે.

**ઢોર ચરાવતી :** યાત્રાળુવેરો ૧૯૯૦થી નાબુદ, ઑક્ટ્રોય ૨૦૦૧થી નાબૂદ.

**સફાઈ વેરો :** જો સફાઈ વેરો તે સફાઈ થતી હોય તો ફરજિયાત. હાલમાં મિલકત વેરો, પાણી વેરો અને સફાઈ વેરો ત્રણે ફરજિયાતપણે ઉઘરાવવામાં આવે છે. પંચાયતના આ વેરાની આવક ગ્રામફંડમાં જમા થાય છે.

**પંચાયત મંત્રી/તલાટી કમ મંત્રીના કાર્યો અને ફરજો :** તલાટી નાણાંનો વહીવટી બજેટ બનાવે છે આથી તેને તલાટી કમ મંત્રી કહેવાય છે. ૧૪ દિવસની અંદર જન્મ નોંધણી અને ૭ દિવસની અંદર મરણ નોંધણી કરવાની હોય છે. જમીન મહેસૂલ અને પંચાયતોને લગતા વેરાઓની ઝડપી વસૂલાત કરવી. પંચાયતે કરેલા કરાવો અને હૂકમોનો અમલ કરવો. જો પંચાયત નીતિ-નિયમ વિરુધ્ધનો ઠરાવપસાર કરે તો અલગ અહેવાલથી તાલકા વિકાસ અધિકારીને તેની જાણ કરવી. પંચાયતે પસાર કરેલા બધા જ ઠરાવોની પણ તાલુકા વિકાસ અધિકારીને જાણ કરવી. લગ્ન નોંધણી અધિકારી તરીકે ફરજ બજાવવી. ગ્રામસભા અને ગ્રામ પંચાયતની બેઠકોની જાણ કરવાની જવાબદારી તલાટી કમ મંત્રીની પરચૂરણ રજા મંજુર કરવાની સત્તા સરપંચને છે. તલાટી, જન્મ દાખલો, મરણ દાખલો, રહેઠાણનો દાખલો વગેરે આપી શકે છે.

**પંચાયતનો ઠરાવ પ્રક્રિયા :** પંચાયતમાં કોઈપણ ઠરાવ પસાર કરવા ૧/૩ સભ્યોની હાજરી ફરજિયાત. પંચાયત ગમે તેટલા વર્ષો જૂના ઠરાવને સાદી બહુમતીથી ઠેરવી શકે છે. પરંતુ ત્રણ મહિનામાં પસાર કરેલા ઠરાવને ફરીવાર બદલવા માટે ૨/૩ સભ્યોની બહુમતીની જરૂર પડે છે.

**ગ્રામસભા :** અનુચ્છેદ-૨૪૩ એ

ઉચ્છંગરાય ઢેબરે સૌરાષ્ટ્રના સૌપ્રથમ મુખ્યમંત્રી હતા તેમણે ગ્રામસભાને પંચાયતીરાજની ગંગોત્રી તરીકે ઓળખાવી છે. ગ્રામ પંચાયતની મતદાર યાદીમાં જેટલા વ્યક્તિઓના નામોનો સમાવેશ થાય છે તે તમામ ગ્રામસભાના સભ્યો તેમને ગ્રામસભાની બેઠકમાં ભાગ લેવાનું અને મત આપવાનો અધિકાર છે. ગ્રામસભાની બેઠક વર્ષમાં ઓછામાં ઓછી બે વખત ફરજિયાત અને વહીવટી આદર્શોથી ચાર વખત બોલાવવાની રહે છે.

આ ઉપરાંત સરપંચ પોતાની મરજીથી ગ્રામસભાની અસાધારણ બેઠક બોલાવવાનો અધિકાર ધરાવે છે. ગ્રામસભાની બેઠકનું સ્થળ, તારીખ, સમય વગેરે સરપંચ નક્કી કરે છે.

**ગ્રામસભાના કાર્યો અને સત્તાઓ :** પંચાયતોના હિસાબો અને વાર્ષિક નિવેદન. પાછલા હિસાબી વર્ષનો વાર્ષિક અહેવાલ. સરકારની આર્થિક અને સામાજિક યોજના હેઠળના લાભાર્થીઓની યાદી તપાસવી અને તૈયાર કરવી. ગરીબી રેખા નીચે જીવતા લોકોની યાદીની મંજૂરી આપવી (B.P.L.). સ્થાનિક કર્મચારીઓના કામોની સમીક્ષા કરવી. વન્ય પેદાશો, ખનીજોની માલિકી ગ્રામસભાની રહે છે. ગ્રામસભામાં સરપંચ, ઉપસરપંચ, તલાટી કમ મંત્રી પંચાયતના સભ્યોએ ફરજિયાત હાજર રહેવાનું હોય છે. ઉપરાંત આમંત્રિત સભ્યો તરીકે કલેક્ટર જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી જે તે વિસ્તારના ધારાસભ્યશ્રી, સંસદસભ્યશ્રી, ગામના તબીબી અધિકારી અને કર્મચારી, શાળાના શિક્ષકો અને વિદ્યા સહાયકો વગેરે હાજરી આપવની રહેશે.

**ગ્રામ પંચાયતના કાર્યો :** ગામની સ્વચ્છતા જાળવવાનું કામ કરે છે. ગામના રસ્તા બંધાવી તેની જાળવણી કરવાનું. ગામના લોકોનું આરોગ્ય સુખકારી પગલા ભરવા. પીવાના પાણીની સવલત. ગામના માટે સ્ટ્રીટ લાઈટની વ્યવસ્થા કરે છે. જન્મ-મરણ, લગ્નની નોંધણી રાખવી.

**પંચાયતના આવકના સાધનો :** ગામલોકો પાસે મકાનવેરો, પાણીવેરો, દુકાનવેરો, મેળાવેરો, સ્ટ્રીટલાઈટવેરો, સફાઈ વેરો વગેરેથી. રાજ્ય સરકાર તરફથી પંચાયતોને ગ્રાન્ટ પણ મળે છે. પંચાયતો લોક ફાળો પણ ઉઘરાવી શકે છે. ગામના લોકો દ્વારા ચૂંટણી વગર સર્વાનુમતે સરપંચ અને સભ્યોની પસંદગી થાય તે ગામને સમરસ પંચાયત કહે છે. તેને સરકાર પ્રોત્સાહન રૂપે ઈનામની રકમ આપવામાં આવે છે. સમરસ પંચાયતમાં પુરૂષ ઉમેદવાર બે લાખ, સ્ત્રી ઉમેદવાર ૩ લાખ.

**નવી ગ્રામ પંચાયતની રચના માટેની કાર્યવાહી :** હાલની પંચાયતમાં ઠરાવ પસાર કરવો. તાલુકા પંચાયતમાં ઠરાવ મોકલવો. તાલુકા પંચાયત પોતાની અભિપ્રાય સાથે જિલ્લા પંચાયતને મોકલે છે.જિલ્લા પંચાયતની કારોબારી સમિતિ પોતાના અહેવાલ સાથે (અભિપ્રાય) સાથે રાજ્ય સરકાર વિકાસ કમિશ્નરને મોકલાવે છે. વિકાસ કમિશનરને અનુકૂળ લાગે તો નવી ગ્રામ પંચાયત રચવાની સંમતિ આપે છે.

**તાલુકા પંચાયત :** તેનું મુખ્ય કાર્ય ગ્રામ પંચાયતોના કાર્યો પર દેખરેખ રાખવાનું, માર્ગદર્શન આપવાનું તેમજતેમનાં કાર્યોનું સંકલન કરવાનું છે.

**ધ્યેય :** તાલુકાના ગામોનો વિકાસ થાય તે ધ્યેય હોય છે.

**રચના :** ૧૫ થી ૩૧ સભ્યોની બનેલ હોય છે. ચૂંટાયેલા સભ્યો તેમનામાંથી એક સભ્યને તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચૂંટે છે. બીજા સભ્યને ઉપપ્રમુખ તરીકે. તાલુકા પંચાયતના વડા પ્રમુખ કહેવાય.

**કાર્યો :** સ્વચ્છતા, સુખાકારી, આરોગ્ય અને શિક્ષણને લગતા કાર્યો. ખેતી, સુધારણા તેમજ સમાજકલ્યાણ માટેના કાર્યો. ગામડાઓને પરસ્પર જોડતા રસ્તાઓ બાંધવા, જાળવણી કરવી. રેલ, અછત, દુષ્કાળ, રોગચાળો જેવી કુદરતી આફતોના સમયે રાહત પૂરી પાડે છે.

**આવકના સાધનો :** રાજ્યની સરકાર તરફથી અનુદાન (ગ્રાન્ટ) મેળવે છે.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-ર સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-ર સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

વેરામાંથી તાલુકા પંચાયતને અમુક હિસ્સો મળે છે. જમીન મહેસૂલ, શિક્ષણ ઉપકર, સિંચાઈવેરો, મનોરંજન વેરો. દાન, બક્ષિસ, લોકફાળો વગેરેમાંથી આવક મળે છે.

**વહીવટ :** તાલુકા પંચાયતની કામગીરી માટે જેની નિમણૂક થઈ તેને તાલુકા વિકાસ અધિકારી કહેવાય છે. તે તાલુકા પંચાયતે લીધેલ નિર્ણયો, સૂચનોનો અમલ કરે છે. પંચાયતવતી પત્રવ્યવહાર કરે છે. તાલુકાના અન્ય કર્મચારીઓ પર દેખરેખ રાખે છે. સરપંચની સભાના કામકાજની નોંધ રાખે છે. તાલુકા પંચાયતનું અંદાજપત્ર (બજેટ), હિસાબ-કિતાબ અને તફતર સંભાળે છે. તાલુકા પંચાયતના સભ્યોની સંખ્યા અને અનામત બેઠકોની ફાળવણી વિકાસ કમિશનર કરે છે.

**સભ્ય સંખ્યા :** તાલુકાની વસ્તી ૧ લાખ સુધી સભ્ય સંખ્યા ૧૫, દર ૨૫ હજાર વસ્તી વધારાએ બે સભ્યો ઉમેરાય છે.

**તાલુકા પંચાયતની બેઠક :** તાલુકા પંચાયતની પ્રથમ સભાની તારીખ જિલ્લા વિકાસ અધિકારી નક્કી કરે છે. પ્રથમ બેઠકના અધ્યક્ષની નિમણૂક જિલ્લા વિકાસ અધિકારી. પ્રથમ બેઠકમાં માત્ર તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરવાની રહે છે. દર ત્રણ મહિને ફરજિયાતપણે તાલુકા પંચાયતની બેઠક બોલાવવાની રહે છે.

**તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ :** તાલુકા પંચાયત પ્રમુખ રાજીનામું જિલ્લા પંચાયતને આપે છે. તાલુકા પંચાયતના ઉપપ્રમુખ રાજીનામું તાલુકા પંચાયતને આપે છે. બંનેના રાજીનામાની તકરાર વિકાસ કમિશનરને આપે છે. બંનેને સસ્પેન્ડ કરવાની સત્તા (D.D.O.) જિલ્લા વિકાસ અધિકારી પાસે હોય છે. તાલુકા પંચાયતનો કોઈપણ સભ્ય પોતાનું રાજીનામું તાલુકા પંચાયતને આપે છે. જો તાલુકા પંચાયત પ્રમુખ અવિશ્વાસની દરખાસ્ત માટે મિટિંગ ન બોલાવે તો તાલુકા વિકાસ અધિકારી જિલ્લા વિકાસ અધિકારીને જાણ કરે છે.

**તાલુકા પંચાયતની સમિતિ :** (૧) કારોબારી સભ્ય સંખ્યા ૫ થી ૯, મુદત ૨ વર્ષ. પોતાના તાબામાં વધુમાં વધુબે પેટા સમિતિઓની નિમણૂક કરી શકે છે. (૨) સામાજિક ન્યાય સમિતિ સભ્ય સંખ્યા ૫, મુદત ૫ વર્ષ.

**તાલુકા પંચાયત અને પ્રમુખના કાર્યો :** કાર્યાલય પર દેખરેખ રાખવી. ગ્રામ પંચાયતનો ઉપર નિયંત્રણ રાખવું. ગ્રામ પંચાયતના સરપંચનું રાજીનામું સ્વીકારવું. તાલુકા પંચાયતે પસાર કરેલા ઠરાવોનો અમલ માટે તાલુકા વિકાસ અધિકારી ઉપર દેખરેખ રાખવી.

**જિલ્લા પંચાયત :** જિલ્લા પંચાયતનું મુખ્યકાર્ય ગ્રામ પંચાયતો અને તાલુકા પંચાયતોના કાર્યો પર દેખરેખ રાખવાનું માર્ગદર્શન આપવાનું તેમજ સંકલન કરવાનું છે.

**રચના :** ૩૧ થી ૫૧ સભ્યોની હોય છે. જિલ્લા પંચાયતના વડાને પ્રમુખ તરીકે ઓળખાય છે.

**કાર્યો :** આરોગ્યને જન સુખાકારીને લગતું કામ કરે છે. પીવાના પાણીની યોજના તૈયાર કરે છે. આરોગ્ય કેન્દ્રતૈયાર કરવા-નિભાવવા. બાંધકામને લગતા કામ, રસ્તાઓ બંધાવવા-નિભાવવા. ખેતી વિકાસ અને પશુપાલન ક્ષેત્રે કામ કરે છે. ખેડૂતોને માર્ગદર્શન. તળાવો, બંધોમાંથી સિંચાઈ પૂરી પાડવાની વ્યવસ્થા કરે છે. જિલ્લા કક્ષાએ પ્રાથમિક શિક્ષણનું કાર્ય કરે છે. સામાજિક કલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે. કુદરતી આફતોમાં રાહતની કામગીરી કરે છે.

**આવકના સાધનો :** રાજ્ય સરકાર તરફથી વિકાસના કાર્યો માટેનું અનુદાન મળે છે. જમીન મહેસૂલ ઉપર કર નાખીને આવક મેળવે છે.

**વહીવટ :** જિલ્લા કક્ષાએ જિલ્લા વિકાસ અધિકારી મુખ્ય વહીવટી અધિકારી છે. તેઓ જિલ્લા પંચાયતો અને તેની વિવિધ સમિતિઓની યોજાતી સભાની નોંધ રાખે છે. સમિતિના નિર્ણયોનો અમલ થાય તે જૂએ છે. પંચાયતના કર્મચારીઓના તથા અન્ય અધિકારીઓના કામકાજ પર દેખરેખ અંકુશ રાખે છે. ત્રણે કક્ષાઓની પંચાયતોની સીધી ચૂંટણી કરીને રચાય છે. ૧૮ વર્ષ કે તેથી વધારે ઉંમરનો કોઈપણ નાગરિક ચૂંટણીમાં મત આપવાનો હક ધરાવે છે. ૨૧ વર્ષ કે તેથી વધારે ઉંમરનો નાગરિક ત્રણે પંચાયત માટે ઉમેદવારી નોંધાવી શકે છે. ત્રણે પંચાયતની મુદત પાંચ વર્ષની હોય છે. ત્રણે પંચાયતના વહીવટ માટે સરકારના કર્મચારી નિમાયેલા હોય છે. બેઠકોની સંખ્યા અને અનામતોની ફાળવણી વિકાસ કમિશનર કરે છે. જિલ્લાની વસ્તી ચાર લાખ સુખી. સભ્યો-૧૭ અને દર લાખની વસ્તી વધારાએ ૨ સભ્યો ઉમેરાય છે.

**જિલ્લા પંચાયતની બેઠકો :** દર ૩ માસે એકવાર બેઠક બોલાવવી. અસામાન્ય સંજોગોમાં સભા બોલાવવાની સત્તા જિલ્લા પ્રમુખની છે. અસામાન્ય સંજોગોમાં સભા બોલાવવાની સત્તા જિલ્લા પ્રમુખની છે. પ્રથમ બેઠકની તારીખ અને અધ્યક્ષની નિયુક્તિ જિલ્લા કમિશનર કરે છે. પ્રથમ બેઠકમાં પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી થાય છે.

**સમિતિઓ :** કારોબારી સભ્ય સંખ્યા ૯. મુદત ૨ વર્ષ. પોતાના તાબા હેઠળ વધુમાં વધુ બે સમિતિઓ સમિતિના સચિવ જિલ્લા વિકાસ અધિકારી.

(૧) સામાજિક ન્યાય સમિતિ : સભ્ય સંખ્યા-૫. મુદત ૫ વર્ષ.

(૨) અપીલ સમિતિ : સભ્ય સંખ્યા ૫ (જિલ્લા પંચાયત પ્રમુખ સાથે). મુદત ૨ વર્ષ

(૩) સિંચાઈ સમિતિ : સભ્ય સંખ્યા ૫, મુદત ૨ વર્ષ.

સમિતિના સચિવ જિલ્લા પંચાયતના કાર્યપાલક ઈજનેર.

**જિલ્લા પંચાયતની વિવિધ શાખાઓ :**

(૧) પંચાયત શાખા : ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ને અમલમાં લાવવાનું કામ.

(૨) મહેસૂલ શાખા : જમીન મહેસૂલ તેમજ કુદરતી આફત સમયે રાહત કાર્યો.

(૩) વિકાસ શાખા : ગરીબો માટે આવાસ.

(૪) મહેકમ શાખા : કર્મચારીઓની નિમણૂક બદલી, બઢતી, પેન્શન.

(૫) બાંધકામ શાખા : પંચાયતની મિલકત રસ્તા અને મકાનોનું બાંધકામ.

(૬) આંકડાશાખા : વસ્તી ગણતરીને લગતી બાબતો.

(૭) હિસાબી શાખા : નાણાકીય લેવડ-દેવડ અને પંચાયતના હિસાબો.

IPDS = ઈન્ટર ગ્રેટ ચિલ્ડ્રન ડેવલપમેન્ટ સ્કીમ (સંકલિત બાળ વિકાસ યોજના) જે આંગણવાડીનું સંચાલન અને દેખરેખ રાખે છે.

**પંચાયતી રાજ સમિતિઓ :** ગ્રામ પંચાયત : ફરજિયાત બે સમિતિ.

(૧) પાણી સમિતિ : ૧૦થી ૧૨ સભ્ય સંખ્યા, સમયગાળો ૨ વર્ષ.

(૨) સામાજિક ન્યાય સમિતિ : ૪ થી ૬ સભ્યો સમયગાળો ૫ વર્ષ.

**તાલુકા પંચાયત : ફરજિયાત સમિતિઓ.**

(૧) કારોબારી સમિતિ : ૫ થી ૯, સમયગાળો ૨ વર્ષ.

(૨) સામાજિક ન્યાય સમિતિ : સભ્યો ૫, સમયગાળો ૫ વર્ષ.

**તાલુકા પંચાયત :** ફરજિયાત સમિતિઓ.

(૧) કારોબારી સમિતિ : ૫ થી ૯. સમયગાળો ૨ વર્ષ

(૨) સામાજિક ન્યાય સમિતિ. સભ્યો-૫. સમયગાળો ૫ વર્ષ

કારોબારી સમિતિ તેના નિયંત્રણ હેઠળ વધુમાં વધુ ૨ પેટા સમિતિઓ રચી શકશે. વધારાના સમિતિની નિમણૂક માટે રાજ્ય સરકારની પરવાનગી જરૂરી છે.

**જિલ્લા પંચાયત :** સાત સમિતિઓ ફરજિયાત.

(૧) કારોબારી સમિતિ : સભ્ય સંખ્યા-૯, સમયગાળો બે વર્ષ

(૨) સામાજિક ન્યાય સમિતિ : સભ્ય સંખ્યા-૫, સમયગાળો પાંચ વર્ષ

(૩) શિક્ષણ સમિતિ : સભ્ય સંખ્યા-૭ થી ૯, સમયગાળો પાંચ વર્ષ

(૪) જાહેર આરોગ્ય સમિતિ : સભ્ય સંખ્યા-૫, સમયગાળો બે વર્ષ

(૫) બાંધકામ સમિતિ : સભ્ય સંખ્યા-૫, સમયગાળો બે વર્ષ

(૬) અપિલ સમિતિ : સભ્ય સંખ્યા-૫, સમયગાળો બે વર્ષ

(૭) ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિ : સભ્ય સંખ્યા-૫, સમયગાળો બે વર્ષ

**મહિલાઓને ૫૦ ટકા અનામત આપનાર રાજ્યો :**

(૧) બિહાર (૨) ઉત્તરાખંડ (૩) કર્ણાટક (૪) રાજસ્થાન

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨

OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

## મહાગુજરાત આંદોલન

**મહાગુજરાત ચળવળ પહેલાનું ગુજરાત :** (૧૯૪૭ થી ૧૯૫૬)

સમગ્ર ભારતમાં ૪ વર્ગના રાજ્યો

A = બ્રિટિશ યુગમાં અસ્તિત્વમાં હતા તેવા તળ ગુજરાત A વર્ગના મુંબઈ રાજ્યો.

B = પોતાની વિધાનસભા ધરાવતા રજવાડા (સૌરાષ્ટ્ર)

C = કેન્દ્ર શાસિત પ્રદેશ (કચ્છ)

D = અંદમાન-નિકોબાર

**જૂનાગઢનો પ્રશ્ન અને તેનો ઉકેલ :** જૂનાગઢનો નવાબ મોહમ્મદ મોહબ્બત ખાન ત્રીજો તેણે પાકિસ્તાન સાથે જોડાવવાનો વિચાર કર્યો. આથી ૨૫ સપ્ટેમ્બર,૧૯૪૭ મુંબઈ ખાતે ગાંધીજીના ભત્રીજા શામળદાસના નેતૃત્વમાં આરઝી હકૂમતની સ્થાપના થઈ જેણે રાજકોટમાં આવેલ જૂનાગઢ હાઉસનો કબજો લીધો અને આરઝી હકૂમતનું કેન્દ્ર રાજકોટ બન્યું. જૂનાગઢનો નવાબ પાકિસ્તાન ભાગી જતા જૂનાગઢના દિવાન શાહનવાઝ ભુટ્ટોએ સૌરાષ્ટ્રના કમિશનર નિલમ બુચને પત્ર લખી જૂનાગઢનો વહીવટ ભારતને સોંપ્યો.

**ભાવનગર રાજ્ય :** ભાવનગરના રાજા કૃષ્ણકુમારસિંહે ૧૫ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ ભાવનગરમાં જવાબદાર રાજતંત્રની સ્થાપના કરી જેમાં મુખ્યમંત્રી બળવંતરાય મહેતા હતા.

**સંયુક્ત રાજ્ય સૌરાષ્ટ્રની રચના :** તા.૧૫-૨-૧૯૪૮ સૌરાષ્ટ્રની એક અલગ રાજ્ય તરીકે સ્થાપના. સૌરાષ્ટ્રની બંધારણ સભાના અધ્યક્ષ પુષ્પાબહેન મહેતા. મુખ્યમંત્રી ઉચ્છંગરાય ઢેબર, ઉપમુખ્યમંત્રી ડૉ.બળવંતરાય મહેતા. સૌરાષ્ટ્રના પાંચ જિલ્લા નીચે મુજબ હતા. (૧) હાલાર (૨) ઝાલાવાડ (૩) ગોહિલવાડ (૪) સોરઠ (૫) મધ્ય સૌરાષ્ટ્ર

**વડોદરા રાજ્ય :** વડોદરાનું ભારત સાથેના જોડાણ પછી વડોદરાના રાજવી પ્રતાપસિંહ ગાયકવાડે તેને અલગ રાજ્ય દાખવ્યું. દિવાન ડૉ.જીવરાજ મહેતાને બનાવ્યા. પ્રતાપસિંહ રાવ ગાયકવાડ યુરોપ જતા રહેતા મહારાજા તરીકે ફતેહસિંહરાવ ગાયકવાડની નિમણૂક થઈ. ૩૧ જાન્યુઆરી ૧૯૪૯માં વડોદરાનું મુંબઈ સાથે જોડાણ થયું.

**ભાષાવાર રાજ્યની રચના અંગેનો વિચાર :** ૧૯૨૦ કોંગ્રેસ ભાષાવાર પ્રાંત રચનાનો ઠરાવ પસાર કર્યો. ૧૯૨૮ મોતીલાલ નહેરૂની અધ્યક્ષતામાં ભાષાવાર પ્રાદેશિક પુનઃ રચના માટે પંચની નિયુક્તિ. ૧૯૪૮ એસ.કે.ધારની અધ્યક્ષતામાં ધાર કમિશન સ્થપાઈ જેણે ૧૦ વર્ષ સુધી ભાષાવાર પ્રાંત ન રચવા કહ્યું. ૧૯૪૯ J.V.P. સમિતિ રચાઈ. J = જવાહરલાલ, V = વલ્લભભાઈ, P = પટ્ટાભિ સીતારમૈયા તેમણે ધાર કમિશનને ટેકો આપ્યો. ૧૯૫૩ પ્રથમ ભાષાવાર રાજ્ય આંધ્રપ્રદેશની રચના થઈ. ફૂઝલ અલી પંચની નિમણૂક થઈ. લોકલાગણીને કારણે મુંબઈ રાજ્યને ૩ ભાગમાં વિભાજન કરવાનો નિર્ણય. (૧) મહારાષ્ટ્ર (૨) ગુજરાત (૩) મુંબઈ કેન્દ્રશાસિત પણ લોકસભામાં દ્વિભાષી મુંબઈ રાજ્યને બહુમતી મળી. આથી ૮ ઑગષ્ટ,૧૯૫૬ અમદાવાદ લૉ-કૉલેજ આગળ નેશનલ યુનિયન ઑફ સ્ટુડન્ટની સભા મળી. જેમાં પગલાં સમિતિની રચના થઈ. આજ દિવસે વિદ્યાર્થીઓનું ટોળું ભદ્રમાં આવેલા કૉંગ્રેસભવન આગળ વિરોધ પ્રદર્શન કરવા ગયું. જ્યાં ગોળીબાર થતાં ૪ વિદ્યાર્થીઓ મૃત્યુ પામ્યા. પુનમચંદ, કૌશિક ઈન્દુલાલ વ્યાસ, સુરેશ જયશંકર ભટ્ટ, અબ્દુલ પિરભાઈ. ૮ ઑગષ્ટ,૧૯૫૬ના રોજ થયેલા ગોળીબાર માટે વામનરાય ધોળકિયાની અધ્યક્ષતામાં નાગરિક તપાસ પંચ સમિતિ બની જેણે પોલીસ ગોળીબાર કારણ વગરનો દર્શાવ્યો.

•૨ ઑક્ટોબર,૧૯૫૬ પંડિત નહેરૂની સભાને સમાંતર અમદાવાદમાં ઈન્દુલાલ યાજ્ઞિકની સભા જેમાં વિશાળ જનમેદની ત્યારથી તેઓ ઈન્દુચાચા કહેવાયા.

•૮ ઑક્ટોબર,૧૯૫૬ મૌન સરઘસ.

•૧ નવેમ્બર,૧૯૫૬ દ્વિભાષી મુંબઈ રાજ્યની શરૂઆત.

•૧૯૫૭ મહાગુજરાત જનતા પરિષે ચૂંટણીમાં ભાગ લીધો.

•ઈન્દુલાલ યાજ્ઞિક લોકસભામાં ચૂંટાયા મુંબઈ વિધાનસભામાં સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિ સાથે મહાગુજરાત જનતા પરિષદની વિરોધપક્ષ તરીકેની ભૂમિકા.

•૮ ઑક્ટોબર,૧૯૫૮ શહીદ દિનની બીજી વર્ષા.

•ભદ્ર આગળ શહીદ સ્મારક રચવામાં આવ્યો. શહીદ સ્મારકને તંત્ર દ્વારા ઉઠાવી લેવાતા અમદાવાદમાં તોફાનો.

•મહાગુજરાત જનતા પરિષદ દ્વારા ૧૭ ઑગષ્ટ,૧૯૫૮થી૧ એપ્રિલ,૧૯૫૯ સુધી ૨૨૬ દિવસ સુધી જયંતિ દલાલની આગેવાનીમાં જેલભરો સત્યાગ્રહ. આ દરમિયાન મુંબઈ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી યશવંત ચૌહાણ શહીદ સ્મારક ઉઠાવી લેવાના મુદ્દે જસ્ટીસ કોટવાલની અધ્યક્ષતામાં કોટવાલ પંચની રચના કરી.

•જેને આ માટે મહાગુજરાત જનતા પરિષદને જવાબદાર ઠેરવ્યા. પરિસ્થિતિ કાબુ બહાર જતા મુંબઈના મુખ્યમંત્રી યશવંત ચૌહાણે જણાવ્યું કે ગુજરાત અને મહારાષ્ટ્ર વચ્ચે ભાવનાત્મક એકતા સ્થપાઈ નથી. આથી ઝડપી વિભાજન કરવામાં આવે.

•૨૮નવેમ્બર,૧૯૫૯ અમદાવાદની સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ અલગ ગુજરાતની માગણી સ્વીકારી.

•દિલ્લીમાં મોરારજી દેસાઈ દ્વારા જાહેરાત.

•૧ મે,૧૯૫૯ના દિવસે ગુજરાતનું ઉદ્ઘાટન અને ૨૮ એપ્રિલ, ૧૯૬૦ (શિવાજી જયંતિ)ના દિવસે મહારાષ્ટ્રનું ઉદ્ઘાટન કરવામાં આવશે તેમ જણાવ્યું.

•ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી : ડૉ.જીવરાજ મહેતા

•ગુજરાતના પ્રથમ રાજ્યપાલ : મહેંદી નવાઝ જંગ (હૈદરાબાદના)

•૩૦-૪-૧૯૬૦ નવા પ્રધાન મંડળને આવકારવા સરદાર બાગમાં જાહેર સંમેલન.

•૧ મે,૧૯૬૦ના રોજ મૂક સેવક રવિશંકર મહારાજે ગુજરાતના પ્રધાન મંડળને ગાંધી આશ્રમમાં શપથ લેવડાવ્યા.

•સૌપ્રથમ પાટનગર અમદાવાદ.

•સૌપ્રથમ વિધાનસભા સિવીલ હોસ્પિટલ અને સૌપ્રથમ સચિવાલય પોલિટેકનીક સ્કૂલ આંબાવાડી, અમદાવાદ.

## લોકપાલ :

લોકપાલના મૂળ સ્વીડનમાં. સૌપ્રથમ સ્વીડનમાં ઓલડાંસમેન નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી જેનો અર્થ થાય છે. લોકપાલ અર્થાત આપવાવાળો.

**ભારતમાં લોકપાલ :** ભારતમાં સૌપ્રથમ ૧૯૬૮માં વહીવટી સુધારણા આયોગના અધ્યક્ષ મોરારજી દેસાઈ એ લોકપાલ અંગેનો વિચાર રજૂ કર્યો. તેમણે આ વિચાર સ્વીડનના ઓબડાસમેન અને ન્યુઝીલેન્ડના પાર્લામેન્ટરી કમિશન ઑફ ઈન્વેસ્ટીગેશનમાંથી લીધો હતો. ત્યારથી લઈને આજ સુધી આઠવાર લોકપાલ બીલ સંસદમાં રજૂ થયું છે પણ પસાર થઈ શક્યું નથી.

**લોકપાલ એટલે શું ? :** લોકપાલ એ ભ્રષ્ટાચાર વિરોધી કાર્ય કરનાર સ્વતંત્ર લોકતાંત્રિક સંસ્થા છે. જેની સ્થાપના અંગે જે અધિનિયમ પસાર કરવાનો છે. તે લોકપાલબીલ કહેવાય છે જે સરકાર તરફથી રજૂ કરવામાં આવે છે.

**જનલોકપાલ :** લોકપાલની સ્થાપના માટે અન્ના હજારે દ્વારા જે લોકપાલ બીલ રજૂ કરવામાં આવ્યું છે તે જન લોકપાલબીલ છે. લોકપાલ અને જનલોકપાલ વચ્ચે મતભેદના મુદ્દા (૧) વડાપ્રધાન (૨) સંસદસભ્યો (૩) એન.જી.ઓ. (૪) કર્મચારીઓ (૫) લોકાયુક્ત (૬) સંખ્યા (૭) નિમણૂક (૮) પદત્યાગ (૯) CBI, CBC ની કાર્યવાહી

**લોકાયુક્ત :** ભારતમાં સૌપ્રથમ ઈ.સ.૧૯૭૦માં મહારાષ્ટ્ર રાજ્યમાં લોકાયુક્તનો કાયદો પસાર કરવામાં આવ્યો જ્યારે સૌપ્રથમ નિમણૂક ૧૯૭૧માં ઓરિસ્સા રાજ્યમાં કરવામાં આવી. હાલમાં ગુજરાત સહિત ૧૭ રાજ્યોમાં લોકાયુક્ત અસિત્તવમ ધરાવે છે.

**ગુજરાતના લોકાયુક્ત :** (આર.એ.મહેતા.) રમેશચંદ્ર અમૃતલાલ મહેતાની નિમણૂક ગુજરાતના રાજ્યપાલે ગુજરાત લોકાયુક્ત અધિનિયમ ૧૯૮૬ કલમ-૩ અનુસાર કરેલ છે. ઈ.સ.૧૯૭૯ મચ્છુ ડેમ હોનારત તપાસ સમિતિના સભ્ય ૧૯૯૫-૯૬ ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ ૨૦૦૭ સુરતમાં તાપી નદી પુલ અંગેની તપાસ સમિતિના ચેરમેન મેલુ ઉપાડવાની પ્રથાનો વિરોધ કરતો લોકપ્રિય ચુકાદો આપ્યો. ભારતના બંધારણનો અનુચ્છેદ-૧૦૫ સંસદ સભ્યો ૧૯૪ વિધાનસભ્યો વિશેષાધિકાર પ્રદાન કરે છે. અન્ના હજારે અને સરકાર વચ્ચે સમજૂતીના મુદ્દા (૧) સીટીઝન ચાર્ટર (૨) લોકાયુક્ત (૩) નીચલા કર્મચારીઓનો સમાવેશ.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨

OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

# ગુજરાતના મુખ્યમંત્રી

**ડૉ.જીવરાજ મહેતા : (૧૯૬૦ થી ૧૯૬૩)**

ગુજરાત રાજયના પ્રથમ મુખ્યમંત્રી, પ્રથમ વિધાનસભાના મુખ્યમંત્રી. ૧૯૬૧માં પંચાયતી રાજનો કાયદો ઘડાયો અને ૧-૪-૬૩ના રોજ અમલ થયો. ૧૯૬૨માં રાજ્યની વિધાનસભાની પ્રથમ ચૂંટણી યોજાઈ. નર્મદા યોજનાનો પાયો નંખાવ્યો, અંકલેશ્વર તેલક્ષેત્ર શોધાયું. ગુજરાત યુનિવર્સિટીનો વિધેયક પસાર થયો. ફરજિયાત પ્રાથમિક શિક્ષણનું વિસ્તરણ. શહીદ સ્મારક માટેનો ઠરાવ બ્રહ્મકુમાર ભટ્ટ દ્વારા વિધાનસભામાં રજૂ. ૧૯૬૩ કૉંગ્રેસના કામરાજ પ્લાનના કારણે રાજીનામું.

**બળવંતરાય મહેતા : (૧૯૬૩ થી ૧૯૬૫)**

ગુજરાત રાજયના બીજા નંબરના મુખ્યમંત્રી. ધુવારણ વીજમથકની શરૂઆત થઈ. દરેક જિલ્લામાં ઔદ્યોગિક વસાહતો અને વિસ્તારની સ્થપાના કરાવી. વડોદરામાં કોયલી રિફાઈનરી શરૂ કરી, GIDC ની સ્થાપના. ભાદર, દાંતીવાડા, શેત્રુંજી યોજનાનો પાયો નંખાયો. કચ્છના છાડ બેટ નામના વિસ્તાર માટે કચ્છ ટ્રીબ્યુનલ. ૧૯૬૫ ભારત-પાકિસ્તાન યુધ્ધ વખતે કચ્છમાં સુથરી ખાતે વિમાન તૂટી પડતાં મૃત્યુ. તેમની યાદમાં કચ્છમાં બળવંતસાગર બજાવવામાં આવ્યો.

**હિતેન્દ્રભાઈ દેસાઈ : (૧૯૬૫ થી ૧૯૭૧)**

ગુજરાતના ત્રીજા મુખ્યમંત્રી : બીજી અને ત્રીજી વિધાનસભા. તેઓ બળવંતરાય મહેતાના પ્રધાન મંડળમાં ગૃહમંત્રી હતા. મફત કન્યા શિક્ષણની શરૂઆત. માધ્યમિક શિક્ષણ ફરજિયાતની જાહેરાત. પારડીની ઘાષિયા જમીનનો ઉદ્ભવ. ભારતનું પ્રથમ પેટ્રો-કેમિકલ્સ કુલ I.P.C.L. ની વડોદરામાં બાજવા ખાતે સ્થાપના ૧૯૬૯માં થઈ. કચ્છ ટ્રીબ્યુનલનો છાડબેટ પાકિસ્તાનના ફાળે. નર્મદા જળવિવાદ ટ્રીબ્યુનલની રચના. ગુજરાતનું પાટનગર ગાંધીનગર બન્યું. ૧૯ સપ્ટેમ્બર,૧૯૬૮ ઈન્દુલાલ યાજ્ઞિકના હાથે ભદ્ર આગળ શહીદ સ્મારકનું ઉદ્ઘાટન. કૉંગ્રેસના ભાગલા થતા હિતેન્દ્રભાઈ દેસાઈએ બહુમતી ગૂમાવતા રાજીનામું. ગુજરાતમાં સૌપ્રથમ રાષ્ટ્રપતિ શાસન (૧૯૭૧-૭૨). રાજયપાલ ડૉ.શ્રીમન્નારાયણ, રાષ્ટ્રપતિ-વી.વી.ગીરી.

**ઘનશ્યામભાઈ ઑઝા : (૧૯૭૨-૧૯૭૩)**

ગુજરાતના ચોથા મુખ્યમંત્રી, ચોથી વિધાનસભા. માધ્યમિક શિક્ષણ મફતનો કાયદો. માધ્યમિક શિક્ષણ બોર્ડની રચના. રૂરલ હાઉસિંગ બોર્ડનીરચના. ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનની રચના. નાના ખેડૂતોને મહેસૂલ મુક્તિ આપતો કાયદો. આંતરીક વિખવાદના કારણે રાજીનામું.

**ચીમનભાઈ પટેલ : (૧૯૭૩-૧૯૭૪)**

પ્રથમ કાર્યકારી ચોથી વિધાનસભા. દ્વિત્તિય કાર્યકારી આઠમી વિધાનસભા (૧૯૯૦-૯૪), ઘનશ્યામભાઈ ઓઝાના સમયમાં સંસદીય બાબતોના મંત્રી. અન્નની અછત સર્જાતા નવનિર્માણ આંદોલન આ આંદોલનને નવનિર્માણ નામ પુરૂષોત્તમ વાવળંકરણ (સંસદ સભ્ય)એ આપ્યું. ૧૯૭૪માં રાજીનામું.

**ચીમનભાઈ પટેલ : (૧૯૯૦-૧૯૯૪)**

બીજો કાર્યકાળ. ગુજરાતના વિકાસ માટે નવા ગુજરાતનો વિચાર. આ સમયગાળા દરમિયાન પ્રથમ વખત ગુજરાતમાં નાયબ મુખ્યમંત્રીના પદ પર બે વ્યક્તિ સી.ડી.દેશમુખ અને નરહરિ અમીન. ૧૯૯૧ મોર્સ સંમતિની ભલામણથી વિશ્વબેંકે નર્મદા યોજનાની ૫૦૦ કરોડની સહાય પાછી ખેંચી લીધી. આથી તેમણે નર્મદા બૉન્ડ બહાર પાડ્યા આથી જ ગાંધીનગરમાં આવેલી તેમની સમાધીને નર્મદાઘાટ કહેવામાં આવે છે.

**રાષ્ટ્રપતિ શાસન નં.૨ : (૧૯૭૪-૧૯૭૫)**

રાજ્યપાલ કે.કે.વિશ્વનાથન, રાષ્ટ્રપતિ ફકરૂદિન અલી અહમદ.

**બાબુભાઈ જશભાઈ પટેલ : (૧૯૭૫-૭૬, ૧૯૭૭-૮૦)**

ગુજરાતના છઠ્ઠા નંબરના મુખ્યમંત્રી, પાંચમી વિધાનસભા. પ્રથમ કાર્યકાળ (૧૯૭૫-૭૬ - ૭૭ થી ૮૦). માતૃભાષામાં વહીવટ ચાલુ કર્યો. ૨૦ મુદ્દાનો કાર્યક્રમનો અમલ શરૂ. ૧૯૭૫માં આંતરીક કટોકટીને કારણે રાજીનામું.

**બાબુભાઈ જશભાઈ પટેલ : (બીજો કાર્યકાળ)**

ગુજરાતની બંધ મીલો શરૂ. બૉમ્બે હાઈ તેલક્ષેત્રમાં ગુજરાતને હિસ્સો. લોકપાલ અને લોકાયુક્ત જેવા પ્રશ્નો ઉકેલ્યા. શિક્ષણ ક્ષેત્રે ૧૦+૨+૩. ગ્રેજ્યુએટનું માળખું લાવ્યા. નર્મદા જળ વિવાદનો ચૂકાદો, નર્મદા યોજનાનો પ્રારંભ. ૧૯૭૯ મચ્છુ ડેમ હોનારત. બાબુભાઈએ પોતાનું આખુ સચિવાલય મોરબી ખસેડ્યું. અંત્યોદય યોજનાની શરૂઆત થઈ.

**રાષ્ટ્રપતિ શાસન નં.૩ : (૧૯૭૬)**

રાજ્યપાલ કે.કે.વિશ્વનાથન, રાષ્ટ્રપતિ ફકરૂદ્દીન અલી અહેમદ.

**રાષ્ટ્રપતિ શાસન નં.૪ : (૧૯૮૦)**

રાજ્યપાલ શ્રીમતિ શારદા મુખરજી, રાષ્ટ્રપતિ નીલમ સંજીવ રેડ્ડી

**માધવસિંહ સોલંકી : (૧૯૮૦-૮૫)**

રાજ્યના સાતમા મુખ્યમંત્રી, વિધાનસભા. ગુજરાતમાં સૌથી વધુ વાર મુખ્યમંત્રી બનનાર. પ્રથમ કાર્યકાળ વિધાનસભા-૫ (૧૯૭૬-૭૭), દ્વિત્તીય (૧૯૮૦-૮૫), તૃત્તિય (૧૯૮૫ માત્ર ૪ મહિના), ચોથો (૧૯૮૯-૯૦).

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd

તેમના કાર્યકાળમાં 'ખામ' (KHAM) K= ક્ષત્રિય, H= હરિજન, A= આદિવાસી, M= મુસ્લિમ પછાત વર્ગ અને ખેડૂતોને મદદ કરવા 'કુટુંબ પોથી' અને 'ખેડૂત પોથી' શરૂ કરી. નર્મદા યોજનાને વિશ્વબેંક પાસેથી ૫૦૦ કરોડની લૉન પ્રાપ્ત કરાવી. મુખ્ય નહેરનું બાંધકામ અને જળવિદ્યુત મથકની શરૂઆત કરી. ભરૂચમાં GNFC ની સ્થપના કરી. મધ્યાહન ભોજન યોજના શરૂ કરી. યુનિવર્સિટી સુધી કન્યા શિક્ષણ મફત કરાવ્યું. ખામ થિયરીનો અમલ કરાવ્યો. આથી ગુજરાતમાં પ્રથમ વખત ઉચ્ચ જ્ઞાતિ અને નિમ્ન જ્ઞાતિના ભેદ પડ્યા. અનામત પ્રથા અને અનામત આંદોલન.

જાન્યુઆરી-૧૯૮૧માં OBC બેઠકોમાં ૫ ટકાનો વધારો કર્યો. જે મુજબ બેઠકો ન ભરાય તો આગલા વર્ષમાં કેરી ફૉરવર્ડ. પ્રથમ અનામત આંદોલન. આંદોલનથી વિદ્યાર્થીઓનું ભણતર બગડતા ગુજરાતમાં પ્રથમવાર 'માસ પ્રમોશન' ૧૯૮૧ (પરીક્ષા આપ્યા વિના પાસ)

ત્રીજો કાર્યકાળ : OBC બેઠકમાં ૧૦ ટકાનો વધારો કરતાં બીજું આંદોલન. ટૂંકા સમયગાળા પછી રાજીનામું.

**અમરસિંહ ચૌધરી : (૧૯૮૫-૮૯)**

રાજ્યના આઠમાં મુખ્યમંત્રી ૭મી વિધાનસભાના મુખ્યમંત્રી. રાજ્યના અનુસૂચિત જનજાતિના પ્રથમ મુખ્યમંત્રી. અનામત આંદોલન શાંત પાડવા વલ્લભભાઈ પટેલ અને અરવિંદ સંઘવી સમિતિની રચના. તેમના શાસનકાળમાં ગુજરાતમાં સતત ત્રણ વર્ષ દુષ્કાળ. અનામત આંદોલનના ટેકામાં કર્મચારીઓની ૭૩ દિવસની અભૂતપૂર્વ હડતાલ. ગુજરાતમાં તોફાનો શાંત પાડવા માટે પોલિસ વડા તરીકે જૂલિયા રીબેરો નિમાયા.

**છબીલદાસ મહેતા : (૧૯૯૪-૯૫)**

રાજ્યના નવમાં મુખ્યમંત્રી, આઠમી વિધાનસભા. સુરતમાં પ્લેગ નામનો રોગચાળો ફાટી નીકળ્યો.

**કેશુભાઈ પટેલ : (૧૯૯૫-)**

ગુજરાતના દસમા મુખ્યમંત્રી, વિધાનસભા ૯મી. પ્રથમ કાર્યકાળ-૧૯૯૫. ૧૦મી વિધાનસભા વર્ષ-૧૯૯૮ થી ૨૦૦૧ બીજો કાર્યકાળ. પ્રથમ કાર્યકાળમાં હજુરીયા-ખજૂરીયા ઘટના બની. ભાજપ પક્ષ ગુજરાતમાં પ્રથમ વખત સત્તા પર આવ્યો. બીજો કાર્યકાળ : (૧૯૯૮થી ૨૦૦૧)

ગોકુળગામ યોજનાની શરૂઆત, કંડલામાં વાવાઝોડું, ગુજરાતની ઈન્ફોર્મેશન ટેકનોલોજીની નીતિ જાહેર કરી. ગાંધીનગર ખાતે હાઈટેક ઈન્ફોસિટીનો શિલાન્યાસ કર્યો. ૧ મે, ૧૯૯૮ ગુજરાતના સ્થાપના દિવસે ગુજરાતની વેબસાઈટનો પ્રારંભ કર્યો. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ ભૂકંપ જેના કારણે રાજીનામું.

**સુરેશ મહેતા : (૧૯૯૫-૯૬)**

ગુજરાતના ૧૧માં મુખ્યમંત્રી ૯મી વિધાનસભા. અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થીનીઓને સાયકલ અથવા 'સરસ્વતી સાધના' યોજનાની શરૂઆત કરી. પક્ષમાં આંતરિક બળવો રાજીનામું.

**રાષ્ટ્રપતિ શાસન નં.૫ : (૧૯૯૬)**

રાજ્યપાલ-કૃષ્ણપાલસિંહ, રાષ્ટ્રપતિ-શંકરદયાલ શર્મા.

**શંકરસિંહ વાઘેલા : (૧૯૯૬-૯૭)**

ગુજરાતના ૧૨મા મુખ્યમંત્રી, વિધાનસભા-૯મી. તેમણે અલગ પક્ષ રાષ્ટ્રીય જનતા પક્ષ રચ્યો. ગુજરાતમાં જિલ્લાઓનું વિસ્તરણ કર્યું. ૧૯ જિલ્લાઓમાંથી ૨૫ જિલ્લાઓ બનાવ્યા. ૬ જિલ્લા નવા બનાવ્યા.

**દિલીપભાઈ પરીખ : (૧૯૯૭-૯૮)**

ગુજરાતના ૧૩મા મુખ્યમંત્રી, વિધાનસભા-૯. પાંચમું પગારપંચ લાગુ પાડ્યું. રાષ્ટ્રીય જનતા પાર્ટીના મુખ્યમંત્રી હતા. વિધાનસભાનું વિસર્જન થયું.

**નરેન્દ્રભાઈ મોદી : (તા.૭-૧૦-૨૦૦૧ થી શરૂ)**

ગુજરાતના ૧૪માં મુખ્યમંત્રી. ગુજરાતના સૌથી નાની વયના મુખ્યમંત્રી. ગુજરાતમાં સૌથી વધુ સમય મુખ્યમંત્રી પદ પર રહેનાર. ૨૦૦૨માં ગોધરાકાંડના કોમી રમખાણ. ગાંધીનગર અક્ષરધામ આતંકવાદી હુમલો. ૨૦૦૩થી દર બે વર્ષે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટનું આયોજન. ૨૦૦૪ જૂનાગઢને મહાનગરપાલિકા જાહેર. ૨૦૦૬ સુરતમાં તાપી નદીમાં પૂર. ૨૦૦૬ નર્મદા મુદ્દે સુપ્રિમ કોર્ટમાં ગુજરાતની જીત. સૂરત જિલ્લામાંથી તાપી જિલ્લાની અલગ રચના કરી. નેનો પ્રોજેક્ટ ગુજરાતના ફાળે. ગાંધીનગર મહાનગરપાલિકા જાહેર કરવામાં આવી.

યોજનાઓ : જનની સુરક્ષા, માતૃવંદના, ચિરંજીવી, બાળભોગ, વિદ્યાદીપ, વિદ્યાસાધના, વિદ્યાલક્ષ્મી બૉન્ડ, ગરીબ સમૃદ્ધિ, ઘર દીવડા, વનબંધુ કલ્યાણ, સાગરખેડૂ, જ્યોતિગ્રામ, સુજલામ-સુફલામ, કુંવરબાઈનું મામેરૂં.

મહોત્સવો : કૃષિ મહોત્સવ, તાના-રીરી, કચ્છ રણોત્સવ, વાઈબ્રન્ટ નવરાત્રિ, વાઈબ્રન્ટ પતંગોત્સવ, પ્રજાસત્તાક દિન તથા સ્વાતંત્રદિનની ઉજવણી દર વર્ષે ગુજરાતમાં અલગ અલગ સ્થળોએ.

સ્થાપનાઓ : ભારતમાં સૌપ્રથમ સાંધ્ય અદાલતની શરૂઆત મિરઝાપુર ખાતે. ગુજરાતમાં સાયન્સ સિટી, બી.આર.ટી.એસ., રિવરફ્રન્ટ, ગિફ્ટસીટી, પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી. ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી. રક્ષાશક્તિ યુનિવર્સિટી, કામધેનું યુનિવર્સિટી. ૨૦૧૦-૧૧ ગુજરાતની સ્થાપનાને ૫૦ વર્ષ પૂરા થતા વર્ષ ૨૦૧૦-૧૧ને સ્વર્ણિમ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું. ગાંધીનગર ખાતે મહાત્મા મંદિર તથા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડનનું નિર્માણ.

ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
ૐ ક્લાસીસ : સરનામું : ૧૦૪૮/૧, સેક્ટર-૩/ડી, ઘ-૨ સર્કલ પાસે, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૧૪૧૨, ૯૭૧૨૧૪૩૧૦૨
OM CLASSES - Gandhinagar F:\Materials\Bhugol Gujarat.pmd